શ્રી.

નીતિજ્ઞાન ભાગ ૨.

(બાલ સુવિદ્યા.)

રચી પ્રસિદ્ધ કર્તા,

લીલાચંદ હેમચંદ.

શાળા માસ્તર મોટીદાળી.



વડોદરા રાજ્ય.

અમદાવાદ—"આર્યોદય" પ્રેસ.

સંવત ૧૯૫૯. સને ૧૯૦૩.

કીમત રૂ. ૦-૩-૦

શ્રી.

નીતિજ્ઞાન ભાગ ૧.

(બાલ સુવિદ્યા.)

રચી પ્રસિદ્ધ કર્ત્તા,

લીલાચંદ હેમચંદ.

શાળા માસ્તર મોટી દાઊ.



વડોદરા રાજ્ય.

અમદાવાદ—"આર્યોદય" પ્રેસ.

સંવત ૧૯૫૯. સને ૧૯૦૩.

કિંમત રૂ. ૦-૩-૦



મી૦ હરીચંદ મંછારામ તીનારીવાલા.

શ્રી.

અર્પણ પત્રિકા.

શેઠ હરીચંદજી મંછારામ. તીજોરી વાળા.

ગુલાલવાડી—મુંબઈ.

દોહરો.

વિશ્વકર્મા સુત મનું, શાસ્ત્રોમાં વિખ્યાત; +
વંશ તણી વેલ્લી વિષે, આપ થયા પ્રખ્યાત.

મનહર છંદ.

કુલ કેરા દીપક છો, મંછારામ સુત શાણા,
લક્ષ ગણો લ્હાવ લીધો, કારીગિરી કામથી;
દીન રાત રટણથી, સ્વધંધો સુધાર્યો તેના,
પરિણામે સોના કેરા, ચાંદ લીધા માનથી;
કળા કીધી કારમી, ઉદારતા લીધી વિશાળ,
વંદીને આશિષ આપે, ભિક્ષુકો તો ભાવથી;
શાત જાતિ કળા શોધી, શોધી ધર્યો ધર્મ પોતે,
નોતરો છો નાણા વડે, જ્ઞાતિ જનો સ્નેહથી....૧
જશ વ્યાપ્યો પૂર્ણ રીતે, પ્રેમ રાખો મુજપરે,
યત્ન આ, આભાર વડે, અરપુંછું આપને;
નેત્ર નિરમળાં થશે, જ્ઞાનથી તિમિર જશે,
વધશે આનંદ બહુ, બાળ તજે પાપને;
ધારી ધર્મ, ધ્યાન લઇ, જીજ્ઞાશા સંપૂર્ણ કરી,
રોમ રોમ હર્ષ વાધ્યો, ગણું શું પ્રતાપને;
ચાહુંછું પ્રથમાક્ષરો, ઈશ કેરી કૃપા વધો,
હું છું લીલાચંદ પૂર્ણ, પ્રેમે વંદું આપને......૨

લી. સેવક.

લીલાચંદ હેમચંદ માસ્તર.

+ “ विश्वकर्मा चरित्राणि पूजा समेतानि. ” પુસ્તકના આધારે.

શ્રી.

મનુ વિષે.

ભુજંગી છંદ.

મનુ વિશ્વકર્મા તણા પૂર્વ મૂખે,
બીજા ચાર મૂખે થયા ચાર સુખે;
વળી પાંચ પુત્રી વડી સિદ્ધિ બુદ્ધિ,
ગણેશે વરીને કીધી વંશ વૃદ્ધિ. ૧
મનુએ ધર્યું શીવનું રૂપ આપે,
કળા કારી ગુરૂ બની લોહ માપે;
લીધો લોહ ધંધો કીધાં યંત્ર ભારી,
લઘુ બંધુને રાચ્ય દીધાં સુધારી. ૨
વડેરા ગણાયા મનુ તો પ્રતાપી,
રૂડા વૈભવો ઓપીઆ વિશ્વ વ્યાપી;
રૂપા દંડ ધારી, ધર્યું સૂત્ર રંગે,
પૂજા પૂજ્ય ભાવે સહુ લોક સંગે. ૩
ધરા વિશ્વકર્મા મનુ રૂપ માયા,
ધર્યું નામ ચાક્ષુષ ને ચાર જાયા;
મનુષ્યો રૂપે નીપજ્યા દુઃખ ધ્વંસી,
સહુ શિલ્પિમાં શ્રેષ્ઠ ચાક્ષુષ વંશી. ૪

મનહર છંદ.

હરરૂપ મનુ માયા જગતમાં ઝાઝી જામી,
રીતિ ભીતિ નીતિ વધી સર્વ રંક રાયમાં;
ચંદ્ર સમો પ્રકાશી અચેતનને ચેતન દે,
દબાણે દબાયો વંશ હાલ હિંદુસ્થાનમાં;
અંડગ અદેખું આડું, બૂડતાને તારો બંધુ,
છાતી ચીરી ચાલ્યો પૈસો પૂરો પરદેશમાં;
રામ રાજ્ય છતાં દેશી મિત્રો કેમ છૂપી રહ્યા,
મહા યત્ને કારીગરો, સુધારો ને હિંદમાં.

પ્રસ્તાવના.

ચાલુ જમાનામાં કેળવણીનો વધારે પસાર થયો છે. જેને માટે કરોડો રૂપીઆ ખર્ચ થાયછે, તો પણ ઘૃત વિનાના ભોજનની માફક નીતિ ધર્મનો વિષય નહિ હોવાથી તે કેળવણી લૂખી ગણાય છે. આશ્ચર્ય જેવું એ છે કે તેને માટે કંઇ મુકરર વખત નથી ! વડોદરા રાજ્યના કેળવણીખાતામાં ઉપલાં ધોરણોમાં આ બાબતુ લક્ષ આપેલું છે.

આ વિષયની શરૂઆત તો બચપણમાં મા, બા, વગેરે ઓળખવાની સાથેજ માબાપથી થવાની જરૂર છે. આપણા દેશમાં તેવાં માબાપ જવલ્લે હશે ! વિચારી જોતાં માલમ પડે છે કે ચાલતી વાંચનમાળાની ચોપડીઓમાં આ બાબત સંપૂર્ણ જ્ઞાન આપેલું છે, પણ છોકરાઓ કે શિક્ષકો તે ઉપર જોઇએ તેવું લક્ષ આપતા નથી. બાળકો પુસ્તક ભણી રહ્યા, કે તેને ઉકરડા કે ઉધેઇને સ્વાધીન કરે છે. કેમકે ઘરમાં નીતિને સંભારનાર કોઇ મળે નહિ, અને શિક્ષકોને તો પરીક્ષા સારી ઉતારવાની ગરજ હતી. તેથી ભણાવવાની મતલબ ઉંધી વળે છે. સમજી બારેક વરસ ઉપર મેં પ્રથમના દશ વરસના અનુભવથી સદર પુસ્તક બનાવવાનું શરૂ કરેલું. થોડા થોડા અનુભવે તથા વિદ્વાનોના મત પ્રમાણે વખતો વખત રચનામાં ફેરફાર કરી, છેવટે સદર પુસ્તક એક પ્રખ્યાત વિદ્વાન તરફ સુધારવા માટે મોકલેલું. તેઉ સાહેબે " કંઇ ફેરફાર કરવા જેવો નથી. " વગેરે મતલબનો અભિપ્રાય આપેલો, તો પણ બાળકોને જોઇએ તેવો રસ નહિ પડે, એમ મને જણાયાથી ફરીને ગુરૂ શિષ્યના સંવાદ રૂપે પુસ્તકનો ફેરફાર કર્યો, પણ તેથી તો પુસ્તક મોટું થયું; જેથી પુનઃ કેટલાક અનુભવી સુધારા સાથે હવે આ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. વિષય ગહન,

છતાં પુસ્તક નાનું બનાવવાથી કેઇને કંઈ દોષ જણાઈ આવશે, તે વિદ્વાન પુરૂષો દરગુજર કરી, આ અનુભવી ને બાળપુસ્તકને આશ્રય આપી, રચના વગેરેમાં ઘટતી સૂચના કરવા તસદી લેશે, જે પર બીજે પ્રસંગે લક્ષ આપવામાં આવશે.

બાળકના બોલ તથા રઢ જેમ તેની માતા ઝટ સમજી શકે છે, તેમ વિદ્યાર્થીઓની સમજ શક્તિનો તથા ગુણ દોષનો અનુભવ મહેતાજીને વિશેષ હોય છે. જે આ પુસ્તકમાં સાચવી, ભાષા સરળ ને સાદી વાપરવાની કાળજી મેં રાખી છે.

પુસ્તકનો લાભ સઘળાં બાળકોને મળે, તેટલા માટે કીંમત ઘણી થોડી રાખી છે.

છતાં કેળવણી ખાતા તરફથી આ પુસ્તકને જેમ વિશેષ આશ્રય મળશે, તેમ ખાતાના હુકમ પ્રમાણે સુધારો કરી અક્ષર મોટા ટાઇપના વાપરવામાં આવશે. ને કીમત ઘટતી કમી કરવામાં આવશે.

પુસ્તક છપાવવાના કામમાં મે. ઇન્જીનીયેર સા. છગનલાલ જીવરામ એમણે કેટલીક તસદી લીધી છે, તે બદલ તેમનો ઉપકાર માનું છું.

ઉછરતા જુવાનીઆઓ તથા મોટી ઉમરના માણસો માટે બીજો ભાગ બનાવી પ્રસિદ્ધ કરવાનો વખત, ઇશ્વર મને વેળાસર આપો એવી આશા છે.

તા. ૨૭–૬–૧૯૦૩ મિતિ અસાડ શુદી ૨ સંવત ૧૯૫૯ શુક્ર.

લી૦ સેવક

લીલાચંદ હેમચંદ માસ્તર.

અનુક્રમણિકા.

પાઠ.	વિષય.	પૃષ્ઠ
	કેટલાંક માબાપ માટે બે બોલ.	૯
	શિક્ષકોને વિનતિપત્ર.	૧૧
૧	પ્રભુ પ્રાર્થના.	૧૩
૨	પ્રભુની ભક્તિ કરવી.	૧૫
૩	વહેલા ઉઠવું....	૧૭
૪	માબાપની આજ્ઞામાં રહેવું.	૧૯
૫	માબાપની સેવા કરવી....	૨૧
૬	વિદ્યા જરૂર ભણવી.	૨૩
૭	હમેશાં ને નિયમસર નિશાળે જવું. ...	૨૫
૮	ગુરૂની સેવા કરવી.	૨૭
૯	ભણીને ગણવું.	૨૯
૧૦	ઉમંગથી ફરીને કરવું.	૩૧
૧૧	દફતરની વ્યવસ્થા કરવી.	૩૩
૧૨	ભટકવું નહિ.	૩૫
૧૩	ગયો વખત પાછો મળતો નથી.... ...	૩૭
૧૪	ચોફ્ખાઈ રાખવી.	૩૯
૧૫	જૂઠું બોલવું નહિ.	૪૧
૧૬	ચોરી કરવી નહિ.	૪૩
૧૭	સારી સોબત કરવી.	૪૫
૧૮	કુટુંબમાં સંપ વધારવો....	૪૭
૧૯	નમ્રતા રાખવી.	૪
૨૦	સભ્યતા રાખવી.	૫૧
૨૧	ક્ષમાનું ખડ્ગ પકડવું.	૫૩
૨૨	કૃતજ્ઞતા સાચવવી.	૫૫

૨૩ પરમાર્થી થવું... ... ... ૫૭

૨૪ પ્રાણીઓને દુઃખ દેવું નહિ. ૫૯

૨૫ ખોદે તે પડે. ૬૧

૨૬ સંતોષ રાખવો. ૬૩

૨૭ શરીરનું સંરક્ષણ કરવું ૬૫

૨૮ આપ વડાઇ કરવી નહિ.... ... ... ૬૭

૨૯ મિથ્યાભિમાન તજવો. ૬૯

૩૦ સારાસાર શોધવું. ૭૧

૩૧ પોતે પોતાના ગુરૂ બનવું.... ... ... ૭૩

૩૨ પરચુરણ બોધ. ૭૫

કેટલાંક માબાપ માટે બે બોલ.

પ્રિય બંધુઓ, તમે તમારાં બાળકોને સરૂપવાન દેખીને રાજી થશો નહિ. કેમકે તેઓ અજ્ઞાન રહેશે તો તમારી આબરૂને કલંક લગાડશે, એ ઉઘાડુંજ છે. માટે તેમને સુધારવાની ઘણી જરૂર છે. જો તે સુધરશે તોજ તમારી મીલકતનો સારો ઉપયોગ કરી તમારી નામના વધારશે. પણ નઠારાં નીવડશે, તો તેજ બાળકો કુકર્મ કરી પોતાને મળેલી મીલકત નઠારે માર્ગે વાપરી તમારી આબરૂને કલંક લગાડશે; એટલુંજ નહિ પણ વખતે ઘડપણમાં મહા વેલા ભોગવી તેમનાં દુષ્કર્મો તથા અડચણોથી તમારે વગર મોતે મરવા વખત આવશે. માટે ફરીથી ઈસારો કરૂંછું, કે બાળકોને મોંઢે ચઢાવી અભણ નહિ રાખતાં, નાનપણમાંથીજ તેમને સદ્‌ગુણ શીખવો, ને નીતિને માર્ગે ચઢાવો. પાંચ છ વરસનાં થાય, કે તેમને હમેશાં નિશાળે મોકલો. પછી સારી સારી સલાહ આપી, જેમ તેમનો ભણવા ઉપર પ્યાર વધે તે પ્રમાણે કરો. જેમ તેઓ વધારે ભણશે તેમ તેઓ આ'વાં આ'વાં નીતિનાં પુસ્તકો વાંચી વધારે કેળવાશે, ને તમને પાછળથી સુખ આપશે. માટે બને ત્યાં સુધી તેમને પૂરૂં ભણાવો. "આપણે ક્યાં નોકરી કરવી છે ?" વગેરે હલકા વિચાર મનમાં લાવવા નહિ. નોકરી તો શોધી પણ જડતી નથી. સરકાર નોકર બનાવવાની ધારણાથી કરોડો રૂપીઆ ખર્ચ કરતી નથી, પણ આપણા સુધારા સારૂજ કરે છે એમ સમજી વહેતી નદી છતાં બાળકોને તરસે મારીને તેમની આંતરડી બાળશો નહિ; કદાપિ બાળશો તો તેમના નિસાસા લેશો, ને જરાવસ્થામાં ઘણું દુઃખ પામશો, એમાં બીલકુલ તફાવત નથી. માટે સાવચેત થઈને બાળકના મનનો

પાકો સુધારો કરો, ને પછી પોતાના ધંધામાં અગર જે ધંધામાં સ્વભાવિક તેનું વલણ હોય, તેવા ધંધામાં તેને વળગાડો, કે જેમાં મોટાઇ પામી તમારી આબરૂ વધારશે; ને નીતિથી ચાલી તમને સુખ આપશે.

કેટલાંક માબાપ ધંધાફેરનું બાનું બતાવી કહેછે, કે અમારે ભણવું કેમ પાલવે ? પણ ભાઇ, દશ બાર વરસ સુધીનું બાળક કોઇ પણ ધંધામાં ઝાઝું ઉપયોગી નથી, છતાં અજ્ઞાન માબાપો બળાત્કારે હલકા ધંધામાં કે રખડાવવામાં તેમનુ બચપણ ગુમાવે છે, ને આખી જીંદગીનાં તેમને આંધળાં રાખે છે. અરે ભાઈ, એવડાં બાળકો તેમનો કેટલો ફાયદો કરતાં હશે, કે બાળકોને આખા જન્મારાના આંધળા ને મૂર્ખ રાખે છે ? શું તેટલા વખતમાં ચાર પાંચ ચોપડીઓનું જ્ઞાન પણ ન મેળવી શકે કે ? તેવાં લોભી માબાપોએ વિચારવું કે આપણું રળેલું આપણેજ ખાઇશું એવી તો ખાત્રી નથી, તો પોતાનાં બાળકો સુખે ખાશે એવી શી ખાત્રી છે ! વળી તેમને તમે કેટલું રળીને આપશો કે આખો ભવ તેમનો સુખમાં જશે ? એમ વિચારી તેમનામાં અક્કલ વધે તેવું કરો. વિદ્યા વગરનું ધન તો ચાર દહાડાનું ચાંદરણું છે, ને ઉલટું નુકસાન કર્ત્તા છે માટે છાનું ને અખૂટ ધન જે વિદ્યા, તે બાળકોને પોતાના વારસામાં આપી તેમની આશિષ મેળવો. કહ્યું છે કે—

“ अन्नदानं क्षणं नास्ति विद्या दानं ततोधिकम्;
अन्ने न क्षणिका तृप्ति र्यावज्जीवतु विद्यया.

ભાવાર્થ—અન્નનું દાન ક્ષણમાં નાશ પામે છે, પણ મોટામાં મોટું (જીંદગી સુધીનું) દાન તો વિદ્યા આપવાનું છે.

શિક્ષકોને વિનતિ પત્ર.

પ્રિય બંધુઓ, સમયને અનુસરીને હું બે બોલ રજુ કરૂં છું, તો તેને ઘટીત માન આપશો એવી આશા છે.

ગુરૂ પદ્વિનો ધંધો ઘણો જ ઉત્તમ છે. જેને સર્વે ધર્મના લોકો બહુ વખાણે છે. કારણ બાળકોના ભવિષ્યની, અને દેશની ઉન્નતિની મુખ્ય કુંચી શિક્ષકો પાસે જ રહેલી છે. મતલબ કે આપણે બાળકોને જેટલે દરજ્જે સુધારીશું, તેટલે જ દરજ્જે આપણો દેશ સુધરતો જશે એમાં નવાઇ નથી. મે. ટી. સી. હોપ. સાહેબ જેવા પરોપકારી પુરૂષો આપણા દેશને ન મળ્યા હોત, તો આપણો દેશ જે સાક્ષરી બનતો જાય છે, તે કયાંથી બનત! જ્યારે પરદેશી પરોપકારી પુરૂષો આપણું ભવિષ્ય સુધારી ગયા છે, ત્યારે આપણે તો દેશી છીએ; વળી તે ઉપર આપણું ગુજરાન ચલાવીએ છીએ, સરકાર તથા માબાપ ભરોસાથી બાળકોનું ભવિષ્ય સુધારવા આપણને સોંપે છે; માટે જ્યાં સુધી આપણે તેમાંથી ગુજરાન નભાવવું છે, ત્યાં સુધી બાળકોની જીંદગીના જવાબદાર આપણે જ છીએ એમ ધારી ખંત અને ઉમંગથી દેશ દાઝીલા બની અનીતિને રસ્તે ચઢતાં બાળકોને સુધારવા પોતાનો ધર્મ બજાવો.

આપણા પગાર ટુંકા છે, એ ધારવું વ્યાજબી છે. પણ એ દુઃખ તત્કાળ મટી શકે તેમ નથી. માટે અસંતોષથી બાળકોને શત્રુનું કામ નહિ સારતાં, સદા સંતોષી રહી, મિત્ર ભાવથી પોતાની ફરજ બજાવવાને આપના મનને સદા દોરતા હશો, ને દોરતા રહેશો. અભાવે અન્ય ધંધો ઝાલવો એ આપને પણ ઉત્તમ જણાશે.

વાંચન માળામાં તમામ દાખલા આવી ગયા છે, જેથી આ પુસ્તકમાં નવા દાખલા નહિ આપતાં ફકત તેવા દાખલાઓનો

ઇસારો બતાવ્યો છે. પુસ્તકનો આઇ ભાગ મોઢે કરાવવાનો ન-થી છોકરાઓએ અરસપરસ, તેમ માબાપે બાળકોની ભૂલો તેમની પાસે કબૂલ કરાવી, થતાં નુકસાનો કઢાવવા માટે પુસ્ત-કનો વિશેષ ઉપયોગ કરવાનો છે. વળી આપણે પણ હમેશાં થોડા ઘણા વખત કોઇ વિષયને લઇ, બને તેટલાં વાક્યોનું વિવેચન કરવું. અગર જે છોકરામાં તે બાબતની ખામી જણા-તી હોય, તેની પાસે તે વંચાવીને તેને ચરચાવવો, અને જે જે છોકરાઓ જાણતા હોય તેમની પાસેથી દાખલા દૃષ્ટાંતો કઢાવી થતાં નુકસાનો તમામ છોકરાઓ સમક્ષ શોધી કઢાવવાં. પછી તેવા દોષમાં છોકરાઓ ન આવે તે ઉપર કાળજી રાખતા રહેવું. દાખલાઓ અંદરના જ આપવાના છે, એમ ન સમજ-વું. સરા સારા બહારના દાખલાઓથી પણ વિષયને રસમય બનાવવો. એકલા ઉપદેશથીજ તેઓ સુધરશે એમ નથી, પણ તે બાબત વખતો વખત દેખરેખ તથા ટોકણી રાખી, તેમને ગુણગ્રાહી બનાવવા. અને આઠે દશે દહાડે ગુણ પ્રમાણે માર્ક આપતા રહી તેમને નીતિને રસ્તે ચઢવાનો ઉત્સાહ આપવો.

એક એ પણ યાદ રાખવાની જરૂર છે, કે શિક્ષક જેમ છોકરાઓના પરીક્ષક છે, તેમ છોકરાઓ પોતાના ચંચળ વૃત્તિથી શિક્ષકની પરીક્ષા કરી જાણે છે. પછી તેમનું અનુકરણ કરે છે. માટે આપણે પોતાની વર્તણુંક તથા હીલચાલ વખાણવા લાય-ક રાખવાની જરૂર છે. ત્યારે જ મારી જીજ્ઞાશા સંપૂર્ણ થશે.

લી૦ સેવક,

ડાહ્યાચંદ હેમચંદ.

શ્રી.

બાલ સુવિદ્યા.

પાઠ ૧ પ્રભુ પ્રાર્થના.



દોહરા.

પાય પડું પ્રભુ પ્રેમથી, ઈશ તણા હે ઈશ;
પ્રણામ મુજ મંજુર કરો, ઝાંખી દઈ જગદીશ... ૧
પાણી પર્વત પવન ને, અગણિત ઉગે અન્ન;
વનસ્પતિનાં વન ભર્યાં, થાવા તાજું તન. ૨
સૂર્ય શશીને ચાંદણી, આપે અતિ પ્રકાશ;
સકળ કળા તારી હરી, પ્રગટે નિત્ય સુવાસ. ૩
એવા સદ્ગુણ વીસરી, કીધાં કૂડાં કાજ;

તે નોંધ્યાં છે તેં બધાં, પણ માફી દે આજ. ... ૪
અજ્ઞાને અંધો થયો, હવે ન ભૂલું નાથ;
દુઃખ દરિયાથી તારવા, ઝીલજો લેજે હાથ. ૫

હે દીનદયાળ પ્રભુ, હું તને બે હાથ જોડી દંડવત્ પ્રણામ કરૂંછું, તે તું તારી સેવામાં કબૂલ કર. તેં આ સંસારમાં જે જે રચના રચી છે, તેનો પાર (અનેક જીભોવાળા) શેષ નાગ સરખા પામવાના નથી. જમીન, જળ, પવન, પર્વત, જુદી જુદી જાતનો ઝાડપાલો, તથા મેવા; જાત જાતનાં પ્રાણી, તેમ જ સૂર્ય, ચંદ્ર, ચાંદ્રણીઓ, વગેરે ઠેકાણે ઠેકાણે તૈયાર કરી રાખ્યાં છે. હે પ્રભુ તારી લીલાનો પાર નથી. તે બધું તેં હમારે માટે જ બનાવ્યું છે. એવા એવા ઉપકાર ભૂલી જઈને હું તો ઉલટો પાપ કરૂંછું. માટે હે બાપ, હવે હું સમજણના ઘરમાં આવ્યોછું, જેથી પાપ કર્મથી ડરી ડરીને ચાલીશ; તો તે સઘળાંની માફી આપીને સંસારને તારનારી જે તારી ભક્તિ, તે હું કરૂં, એવી મને બુદ્ધિ આપ. હું તો તારો બાળક છું, ને તું તો મારો શ્રેષ્ઠ બાપ છે. માટે બાળકના અપરાધ સામું ન જોતાં, મારો અવતાર સફળ થવા સારૂ, તથા દુઃખ રૂપી દરિયો તરી તરવાની શક્તિ આપવા સારૂ, હે પ્રભુ તારી પ્રભુના ગ્રહણ કર.

પાઠ ૨ પ્રભુની ભક્તિ કરવી.

ભાવે ભક્તિ આદરો, સુખી થશે સંસાર,
પળ પળનાં પાપો ટળે, થાય વળી ઉદ્ધાર.

આપણા સુખને સારૂ પરમેશ્વરે જગતમાં અગણિત રચના રચી છે. જુઓ ખોરાક વિના થોડા દિવસ ચાલે, પણ પાણી વિના એક દહાડો ન ચાલે, માટે તે સઘળે ઠેકાણે ને ઘણું ભરી રાખ્યું છે, ત્યાંથી મેળવવાની જ ફક્ત મહેનત પડે છે; પણ પવન તો તેથીએ જરૂરનો છે, જેના વિના કોઇ પણ પ્રાણી કે વનસ્પતિને એક પળ પણ ચાલતું નથી; તો તે સર્વત્ર ભરી રાખ્યો છે, જેને લેવા પણ જવો પડતો નથી. જો તેને લેવા જવાની મહેનત પડે, કે દુષ્કાળના મેહની પેઠે તેને ઇશ્વર ખેંચી લે, તો એક મિનિટમાં આખી સૃષ્ટિ ઉજડ વેરાન થઇ જાય. એવી એવી લીલા ઇશ્વિરે આપણા માટે કરી રાખી છે. ખુલ્લી નજરે જોઇશું, તો સર્વે પ્રાણીઓમાં સૌથી ઉત્તમ અવતાર તેણે આપણને આપેલો છે. શરીર પણ સાજું ને સારૂં આપેલું છે. જુઓ કેટલાંક માણસ લૂલાં, આંધળાં, બહેરાં વગેરે અપંગાં આપણી નજરે પડે છે; કેટલાંક ઘેરઘેર ભટકે છે, પણ ધરાઇને ધાન્ય પામતાં નથી; કેટલાંકને રહેવાને ઝુંપડી સરખીએ ન હોવાથી જંગલનાં જાનવરની પેઠે નાગાં, કે ફક્ત એકજ લંગોટી ભેર તાપ, ટાઢ ને વરસાદ ખમી વગડામાં જ્યાં ત્યાં ઝાડની તળે પડી રહે છે; છપના કાળમાં અસંખ્ય માણસો તથા પ્રાણીઓ ખોરાક વિના તરફડીને મરણ પામ્યાં, ત્યારે આપણા ઉપર પરમેશ્વરની કેટલી કૃપા છે! આપણને તેવો કે પશુ પક્ષીનો અવતાર આપ્યો હોત, તો આપણે ભોગવત કે

નહિ ? હા. × ત્યારે આપણા ઉપર દયા રાખી જેણે મનુષ્ય અવતાર, ને ઘણી તરેહનાં સુખ આપેલાં છે, તેવા પ્યારા પ્રભુને કેમ વિસારવા જોઇએ ? નીતિથી સંસારમાં ચાલીને તેની ભક્તિ કરવા સારૂ આપણને તેણે શ્રેષ્ઠ અવતાર આપેલો છે, માટે ઉપકાર ભૂલી જઇ કૃતઘ્ની થઇએ, તો મહા પાપ લાગે. તે સર્વવ્યાપક અને ખરો ન્યાયી હોવાથી મુઆ પછી આપણી જીંદગીનો હિસાબ લેશે, અને કરેલાં કર્મ પ્રમાણે તેનું ફળ આપશે, એવું સમજી તેના ભયથી ડરીને ચાલવું. જેથી પાપ કર્મનો અટકાવ થશે, ને મન પવિત્ર રહેશે. પછી ગમે તેવું જરૂરી કામ હોય તે પડતું મૂકીને પાપમાંથી બચવા સારૂ હમેશાં નિયમસર પ્રભુનું ભજન કરવું. ને હરેક વિચાર કરતાં તથા કામ કરવાને પગલું ઉપાડતા પહેલાં તેનો ભય મનમાં લાવવો, કે પાપના કામમાં આપણું મન લપટાય નહિ.

આગળ ઘણા દહાડા છે, એમ સમજી આ કામની કોઇએ ઢીલ રાખવી નહિ. કેમકે આપણા આયુષ્યની આપણને ખબર નથી, એટલે ગમે તે વખતે ને ગમે તે પળે તે પોતાની હજુરમાં ઓચિંતા બોલાવી લેશે, ને પછી હિસાબ માગશે. જો આપણે નીતિથી નહિ ચાલ્યા હોઇએ તો તેની આજ્ઞા તોડયા બદલ તથા જીંદગી નકામી ગુમાવ્યા બદલ તે આપણને મોટી શિક્ષા આપશે; એમ સમજી આ ધર્મ જરા પણ વીસરવો નહિ.



× દુષ્કાળની દયાજનક આપત્તિઓ શિક્ષકે છોકરાં પાસે કહાવી તેનું વર્ણન કરવું.

પાઠ ૩ વહેલા ઉઠવું.

વે'લા ઊઠો વીર ને, પ્રેમે પૂજો ઈશ;
કામ પછી કોડે કરો, સૂખ વધે દીનનીશ.

જે માણસ વહેલો ઉઠે છે, તેનું શરીર બળવાન ને ચંચળ રહે છે; પોતાનાં ધારેલાં કામ સારી રીતે ધીરજથી પાર પાડી શકે છે; આળસુ માણસ ઉતાવળને લીધે જોઇએ તેવું ને તેટલું કામ કરી શકતો નથી, તેથી ઘરનાં અગર ધંધાના સંબંધી માણસો સાથે તે કલેશ કરે છે, ને આખો દીવસ દીલગીરીમાં કાઢે છે. માટે તમારી ફરજો બજાવવા સારૂ ને હોંશિયાર થવા સારૂ તમારે હમેશાં વહેલા ઉઠવું; ઉઠીને ઝાડેઝપટે જવું, હાથ પગ ધોવા, દાતણ કરવું, પછી નિયમસર હમેશાં જરૂર નહાવું, ને પૂરા પ્રેમથી પ્રભુની પ્રાર્થના કરવી; પછી થોડી ઘણી જે આવડતી હોય તે કસરત કરવી; પછી શિક્ષકે જે લેસન આપ્યું હોય તે ધીમે ધીમે સમજીને તૈયાર કરવું, ને થોડું થોડું પાછલું યાદ કરવાનો રીવાજ રાખવો કે " આગળ ભણ્યા ને પાછળ ભૂલ્યા " જેવું ન થાય.

આળસુ છોકરાંને તેનાં માબાપ ઉઠાડે ત્યારે જ તે ઉઠે; તેનાં લૂગડાંનું ઠેકાણું હોય નહિ તેથી આમ તેમ શોધે; વખત થઈ ગયો હોય; લેસન પણ કર્યું ન હોય; તેથી આઘો પાછો થાય ને નિસાસા નાખે. છેવટે તેનાં માબાપ ઠેલી ઠેલીને તેને નિશાળે કાઢે છે, પણ નિશાળે જઇને તે શું શીખશે? ઉમંગ વગર રમવાનુંએ ગમતું નથી, ત્યારે ભણવાનું તો કયાંથી જ ગમે? આ'વા આળસુ છોકરા તો ઠોઠના ઠોઠ જ રહેવાના. જો તેઓ

પણ આ શીખામણનો નાનપણથી જ ઉપયોગ કરશો, તો ધીમે ધીમે હોંશિયાર થઇ સુખીઆ બનશો.

પરોઢીઆનો વખત, ઇશ્વરે અમૃત જેવો બનાવ્યો છે; વખતે પવન ઘણો સ્વચ્છ બને છે; જીભ બહુ કોમળને ચંચળ બને છે; શરીર હલકું ને હોંશિયાર બને છે, જે વાત સાંભરતી ન હોય તે, તે વખતે યાદ આવે છે; મુખપાઠે ન થતા શબ્દો તથા વાકયો શુદ્ધ અને તાકીદે તૈયાર થાય છે; એજ વખતમાં ખાટલામાં મરવા પડેલો માણસ થોડો ઘણો ચેતન બને છે; તેવા અમુલ્ય વખતને આપણે કેમ ગુમાવવો જોઇએ ?

તમને વહેલા ઉઠવાનો અભ્યાસ ન હોય, તો મારી શીખામણ માનીને થોડા દીવસ કાળજીથી વહેલા ઉઠીને ઉપર કહ્યા પ્રમાણે વખતનો ઉપયોગ કરો. પ્રથમ તો તમને અઘરૂં લાગશે ખરૂં, પણ પાછળથી તેના ગુણની તમને ખાત્રી થશે. શરીર હોંશિયાર રહેશે એટલુંજ નહિ, પણ સારૂં આવડવાથી તમારો નંબર, ઉપર આવશે; જેથી શિક્ષકનો તથા માબાપનો પ્યાર વધશે. તે દેખી તમારા મનમાં ઘણો આનંદ વધશે, ને વિશેષ અભ્યાસ કરવાને તમે સમર્થ થઈ તમારી જીંદગી સફળ કરશો.



પાઠ ૪ માબાપની આજ્ઞામાં રેહેવું.

સારાસાર તણો તમે, સમજો નહિ વિચાર;
માટે મોટાંનું કહ્યું, માની ચાલો યાર.

માબાપની આજ્ઞામાં રહેવું, એટલે તેઓ જે કહે તે પ્રમાણે કરવું. તમે બાળક છો ત્યાં સુધી તમારી બુદ્ધિ બહુ કાચી હોય છે. સારૂં શું કે ખોટું શું ? તેનો તમને વિચાર થોડો હોય છે, જેથી તમારી બધી તરેહની કાળજી માબાપને રાખવી પડે છે; તેઓ તમારૂં સુખ વધે તેવા ઉપાય શોધે છે; તમે આડે રસ્તે ચાલો, (જેમાં કંઇ નુકસાન થવા જેવું હોય,) ત્યારે તમને સમજાવીને કે ધમકાવીને સારે રસ્તે દોરવાની તેઓ મહેનત કરે છે; એટલું જ નહિ, પણ પોતાના જીવ કરતાં તમારા ઉપર તેઓ બહુ પ્યાર રાખે છે, માટે તેમના કહેવાથી જરાએ આડું ચાલવું નહિ.

પોતે ઘણા હોંશિયાર છીએ, એવો માખીનાં બચ્ચાની પેઠે મિથ્યાભિમાન લાવી, માબાપની શીખામણોને હશી કાઢશો નહિ. કેમકે માબાપે લાંબી ઉમર સુધી ઘણાં સુખ દુઃખ તથા વિટંબણાઓ વેઠેલી છે, ને ઘણા ખત્તા ખાધેલા છે; તેથી તમારી રીતભાત તથા તમારાં કર્તવ્યથી શું પરિણામ આવશે, તેનો અનુભવ, તેમના જેટલો તમારામાં કદી પણ હોય જ નહિ. અને અનુભવ વગરની બુદ્ધિ તો માખીના તથા બકરીના બચ્ચાં×ની પેઠે જીવ કઢાવે. માટે આપમત મૂકી દઇને તેમના

× ચોથીનો પાઠ. ૩૧. ૩૨. તથા બીજીનાં પાઠ. ૨૫ થી ૨૮ સુધી.

કહેના પ્રમાણે ચાલો. *

પશુ પક્ષી પણ માબાપના કહ્યામાં ને આમન્યામાં રહેછે; કદાપિ ઉલટાં ચાલે છે તો દુઃખ પામે છે; ત્યારે આપણે માણસ જાતે બુદ્ધિમાન છતાં તે પ્રમાણે ન ચાલીએ, તો પરમેશ્વર આપણને ઘણું દુઃખ આપે; કારણ મોટાંની શીખામણ પ્રમાણે નહિ ચાલવાથી તેની આજ્ઞાનો ભંગ થાય છે, તેથી તે પેલા પાડા × ની પેઠે તરત ફળ આપે છે.

મોટાને અનુભવી થયા પછી પણ જરૂરને પ્રસંગે માબાપની સલાહ લીધા વિના કામ કરવું નહિ. એવો રીવાજ રાખવાથી તેમની મર્યાદા સચવાય છે. અને આપણા ઉપર પસંદ થઇ હરેક કામમાં પોતાના અનુભવ પ્રમાણે સારી સલાહ ને આશિષ આપે છે. માટે આ ધર્મથી જરા પણ ઉલટું ચાલવું નહિ.

માબાપ ન હોય ત્યારે જેના હાથે આપણે ઉછરતા હોઇએ તેને વાલી કહે છે, માટે તેમનેજ ખરાં માબાપ ગણી તેમની આજ્ઞામાં રહેવું.



* ફક્ત ચોરી કરવાની, જૂઠું બોલવાનું, કે એવું અનીતિનું કામ બતાવે તે વખતે નરમાશથી ચોકખી ના કહેવી; પણ તે વિષે બીજાને કાને વાત ન જાય તે ઉપર કાળજી રાખવી.

× બીજીના પાઠ. ૧૦ થી ૧૩.

પાઠ ૫ માબાપની સેવા કરવી.


હા'ડી દુખડાં વેઠીને, ચૂંથે છે મળમૂત્ર;
આશા અતિ માબાપને, બદલો વાળે પુત્ર. ૧
આંતરડી તો બાળશે, હશે હરામી જન;
સ્તન ચુજાની કોટમાં, તેવો જાણો તન ૨

. માબાપની ચાકરી કરવી, એજ પુત્રનો મુખ્ય ધર્મ છે. આપણને ઉછેરતાં જે જે દુઃખ ને વિટંબણાઓ પડી હશે, તેની આપણને તો ખબર નથી; પણ વખતે માબાપની વાત ઉપરથી, કે બીજાં બાળકોને ઉછેરતાં તેમનાં માબાપને જે દુઃખ વેઠવું પડે છે, તે ઉપરથી ખબર પડે છે; તેમાં વળી માનો ગુણ તો અથાગ છે! પ્યારું ભોજન જમવા બેઠી હોય, ને બાળક રૂએ, તો અધવચ્ચે ઉઠીને તેને ખોળામાં લેઇ ધવરાવે; વખતે ખોળામાં જ ઝાડે જાય, તો બાપડી એંઠે મોઢે ઉઠીને બાળકને તથા લૂગડાંને સાફ કરે; માંદાં પડે તો પોતે કડવાં કડવાં ઓસડ પીએ, કરી પાળે; ગામ પરગામ રખડીને વૈદ્ય ડાકટરમાં પૈસા વાપરે; તોએ બાળકને જીવથી પણ પ્યારું ગણી ચુંબન કરે છે! આ'વો માબાપનો ગુણ ભૂલી જાય, તે કેવો નાદાન માણસ ગણાય?

માબાપ શરીર સાચવે છે, એટલું જ નહિ પણ સારું સારું ખાવા પીવાનું હોય, તે પોતે નહિ ખાતાં બાળકને આપે છે. પોતાના કરતાં સારાં ઉંચી જાતનાં લૂગડાં પહેરાવે છે. વળી આખી જીંદગીના સુખીઆ થવા સારુ ભણાવી ગણાવી ડાહ્યા બનાવે છે. આપણે મોટા થયા પછી આપણું નભાવી શકીએ,

ત્યાં સુધી તેઓ આપણી કાળજી રાખે છે; ને પોતે દુઃખ વેઠી આપણને સુખ આપે છે; તેઓ જીવશે ત્યાં સુધી આપણા સુખે તે સુખી ને આપણા દુઃખે તે દુઃખી રહે છે. ત્યારે કહો, તેના બદલામાં તેમનો કેટલો ગુણ તમે વાળશો? હજારમો ભાગ પણ નહિ!!! ભાઇઓ, પુત્રધર્મી શ્રવણની વાત સાંભળો * તેમ કેલૈયા કુંવરે પોતાનો દેહ (એ માબાપની મિલકત છે એમ સમજી) કેવો અર્પણ કર્યો હતો * તેની વાત સાંભળીને તેવા બનો.

માબાપના કહેવાથી જરાએ આડું ચાલવું નહિ; કંકાસ કરી પજવવાં નહિ; તેમનું માન સન્માન રાખવું; તેમનો ઉપકાર માની પ્રભુ પાસે તેમની સદ્‌ગતિ માગવી; તેમની હોંસ પ્રમાણે ભણીગણી હોંશિયાર બનવું; અને નાનપણમાંથી જ એવી ચાલ ચલાવવી કે લોકો આપણાં વખાણ માબાપ આગળ કરે, જે સાંભળી તેમની આંતરડી ઠરી થાય; તેમનાથી કંઇ કામકાજ થઇ શકતું ન હોય, ત્યારે તેમને શાંતિ આપી પૂરા પ્રેમથી પેલા બે ભાઇની પેઠે × તેમની ચાકરી કરવી; તે વખતે નાનપણની લીધેલી ચાકરી યાદ લાવવી, કે ભાવસહ સેવા બને; બની શકે તેટલો પૈસો તેમના માટે ખર્ચ કરવો; ઘરની ગુપ્ત વાત કોઇના આગળ ન કરવી; ને તેમની આબરૂ વધતી જાય, તેવાં કામ તેમની હયાતીમાં તથા પાછળથી પણ કરવાં.



* શ્રવણની તથા કેલૈયાની વાત શિક્ષકે તથા માબાપે સંભળાવતા રહી તેમનામાં તેવો જુસ્સો લાવવો. × ચોથાનો પાઠ ૧૦૩.

પાઠ ૬ વિદ્યા જરૂર ભણવી.



વિદ્યાથી વૈભવ વધે, ચોરે નહિ કો ચોર;
ગુપ્ત અખૂટ ધન જાણજો, તે વિનાના ઢોર.

ભણવાથી જ આવાં ડહાપણનાં પુસ્તકો વાંચીને તમે ડાહ્યા થશો; પણ વિદ્યા વિનાનો આંધળો માણસ શું વાંચશે, ને શીખામણો શી લેશે? તેથી જ અભણ માણસો જડ બુદ્ધિના ને હલકા બને છે. ખેડૂત કે મજૂર લોકો બારે માસ રળી રળીને થાકે છે, એટલે ધંધો કરવામાં ધરાઇને ધાન્ય પણ પામતા નથી, તોએ વિદ્યા નહિ હોવાથી તેઓ સારૂં સારૂં ખાવાનું પામી શકતા નથી; કેમકે ધંધામાં પણ કેળવણીની જરૂર છે. અને એ કેળવણી વિદ્યા વગર આવતી નથી; વળી જે રળીને લાવે છે, તેને પણ કેળવી જાણતા નથી. પણ ભણેલો ને હોંશિયાર માણસ પોતાના ધંધામાં કેટલો સુધારો કરી કેવું સુખ ને વૈભવ ભોગવે છે, તેના દાખલા તમારી નજરે (તમારા પાડોશમાં કે ગામમાં) ઘણાએ છે તે શોધી કાઢો. ×

× શિક્ષકે છોકરાં પાસે કઢાવવા, ને પછી તેમાં પોતે ઉમેરો કરવો.

વિદ્યાથી જેટલું સુખ મળે છે, તેટલું ધનથી સુખ મળતું નથી. અને ધન છે તે ચાર દહાડા સારૂં દેખાડે, પણ વિદ્યા વિનાના ધનવાન પુરૂષની આખરે તો ફજેતી જ થવાની. તે ધન ચોરાશે, લૂંટાશે, દગા ફટકાથી જશે, કે કુમાર્ગે વપરાશે; વખતે ધણીનો જીવ પણ લેશે, પણ વિદ્વાન માણુસ પાસેથી વિદ્યા શી રીતે જશે? પોતાની ખુશીથી આપ્યા સિવાય જવાનીજ નથી; અને આપેથી તે ખૂટતી નથી; ઉલટી વધે છે; તેને ઉંચકવી પડતી નથી, એટલે ભાર કરતી નથી; ચોર ચોરી જતા નથી; તેની સેવા કરનારને તે તજતી નથી; પણ હમેશાં સાથેજ રહી તેને સલાહ આપેછે; તેમાં ભાઇનો ભાગ પડતો નથી; તે રાજ્યમાં કે દેશ પરદેશમાં માન અપાવે છે; ધનવાનને અજાણ્યા માણુસો ઓળખશે નહિ, પણ વિદ્યાના સેવકને આખું જગત ઓળખશે, ને પગે લાગતું આવશે. એવું તે છાનું ને અખૂટ ધન છે. આ જગતમાં તરત ફળ આપનારી તે પ્રત્યક્ષ દેવી છે, એટલે તે તરત નવી (કોઈ ન દેખે તેવી છાની) આંખો આપે છે. નાનાં બાળકને તે અથાગ ફળ આપે છે, એટલે તેમના ઉપર તે ઘણી પ્રસન્ન રહે છે: ને જીંદગી સુધારી માયાને જીતાડે છે. ને પરમાત્માને ઓળખાવી મોક્ષ આપે છે; એવી પ્રગટ દેવીને કેમ વીસારવી જોઇએ? તેની સેવા અઘરી તો લાગશે, પણ ભવિષ્યનું સુખ સમજી બાયલા બનશો નહિ. ને યાદ કરતા રહેજો કે "વેઠે હરકત તો જૂએ બરકત"* "કરે ચાકરી તો પામે ભાખરી" માટે નાનપણથીજ સરસ્વતી દેવીની સેવા કરી આખા ભવના સુખીઆ બનો.

---

* વિદ્યાર્થીઓને પ્રથમના વખતમાં ઘણી પ્રકારની અડચણુ વેઠતાં પણ જોઇએ તેx ગ્નાન મળતું નહિ, તેનું વર્ણન શિક્ષકે કરવું.

પાઠ ૭ હમેશાં ને નિયમસર નિશાળે જવું.

કામ કરોડો મૂકીને, જવું નિશાળે રોજ;
ઘરમાં ઘંટની કાળજી, રાખી માણો મોજ.

માબાપ જરૂરના કામ સારૂ મહેતાજીની રજા લઇને રાખે,+ કે માંદા હોઇએ તો ગેરહાજર રહેવું. તે સિવાય ગેરહાજર રહેવું નહિ. ગેરહાજર રહેવાથી શિક્ષકનો કાયદો તૂટે છે; ભણેલું ભૂલી જવાય છે; નવું શીખવેલું આવડે નહિ; હાજરીમાં મીંડું પડે; નંબર ઉતરવા પડે; વગેરે ઘણાં નુકસાનો થાય છે. હમેશાં હાજર રહેનારો છોકરો થોડી બુદ્ધિનો હોય, તેની બરાબરી વખતો વખત ગેરહાજર રહેનારો બુદ્ધિમાન છોકરો કરી શકશે નહિ.

+ કેટલાંક અજ્ઞાન માબાપો છોકરાંને જરાતરા કામને માટે તેમને ઘેર રાખે છે. આથી ઠોઠ છોકરાંને તો "રોતી હતી ને પીએરના મળ્યા." એવું થાયછે. પછી વિના કારણે છોકરાંઓ પાછળથી પણ ગેરહાજર રહે છે, તોએ માબાપની આંખ ઉઘડતી નથી. તેથી પરિણામે બાળકો રમતીઆળ બની ઠોઠ થાયછે. ને નાપાસ થવાથી એક ને એક ધોરણમાં વધારે વર્ષ પડી રહે છે. કોઇ તો તેથી કંટાળી વખતે છોકરાને ઉઠાડી પણ લે છે. આથી બાળકની જીંદગી નકામી થાયછે, તેની કાળજી માબાપો રાખતા નથી. એ શું થોડી શરમની વાત છે! માટે તેવાં માબાપોએ વિચારવું કે એક પળ પણ પાછી મળતી નથી, ત્યારે આખાં વરસનાં વરસ કે જીંદગી પાછી ક્યાંથી આવવું? જુઓ એક વર્ષની ૧૩૧૪૦૦ પળ થાય છે.

પરીક્ષા સારી ઉતારવાની કાળજીથી ભૂલેલું ફરી ફરીને શીખવવાની શિક્ષકને માથાકૂટ પડે છે, તેથી ગેરહાજર રહેનાર છોકરા ઉપરથી શિક્ષકનો પ્યાર ઉતરે છે; એટલું જ નહિ પણ ઘણી વખત એમ થવાથી તે "આંખના પાટા" જેવો લાગે છે. પછી ગુરૂ પ્રેમ વિના સુવિદ્યા શી રીતે મળે? માટે હમેશાં ને વખતસર નિશાળે જવું, જે છોકરા હોંશિયાર ને સરસ્વતીના ભક્ત હોય છે, તેમનામાં તો આ ખામી બીલકુલ જણાતી નથી. તેઓ તો વિદ્યાને જ પ્રગટ દેવી ગણી તેનું બરાબર સેવન કરે છે, ને ગુરૂને પિતા તુલ્ય ગણી તેમની ઇચ્છાને માન આપે છે. પરંતુ જે છોકરા રમતીઆળ, આળસુ, ને ઠોઠ હોય છે, તેઓ જ વખતસર હાજર થતા નથી. તેઓ રમતમાં ભળી, અભ્યાસ + સારો કરતા નથી. માટે આળસ તજી હમેશાં ટાઇમસર હાજર રહેવું.

રેલવેનો ટાઇમ જો ન સાચવીએ તો તેથી જેટલાં નુકસાનો થાયછે, તેટલાં જ નુકસાનો શાળાનો ટાઇમ ન સાચવવાથી બાળકોને થાયછે, એ યાદ રાખતા રહેવું.

+ છોકરાંઓ હમેશાં ને નિયમસર નિશાળે આવે, તેને માટે શિક્ષકે પોતાની ફરજ બજાવવાને ચૂકવું નહિ.

પાઠ ૮ ગુરૂની સેવા રાખવી.

ગુરૂથી જ્ઞાન મળે ઘણું, ચતુર થાયે ચક્ષ;
માન મળે મોટાં વિષે, લાભ મળે વળી લક્ષ.

ગુરૂ વડે જ્ઞાન (પ્રકાશ) મળે છે. ચાલુ વખતમાં જ જોશો, તો શેઠ શાહુકાર, મુનસફ, માજીસ્ત્રેટ વગેરે ભાગ્યશાળી પુરૂષો કેવી સાહેબી ભોગવે છે. ભાઈ ! તે પણ તમારી પેઠે જ મહેતાજીઓ પાસે નાનપણુમાં ભણુતા હતા. પણ તેમણે ગુરૂ સેવા વધારે રાખી, તેમના ઉપદેશને રત્ન જેવો ગણી ગ્રહણ કર્યો, જેથી હાલમાં તેઓ ભાગ્યશાળી બની મોટાઇને પામેલા છે.

તે પ્રમાણે તમારૂં નસીબ ખીલવવા માટે જ તમને તમારાં માબાપે મહેતાજીને સોંપેલા છે. એટલે તેમણે પોતાની તમામ સત્તા મહેતાજીને સોંપેલી છે. માટે મહેતાજીને ધર્મના ખરા માબાપ ધારવા; તેમનો હુકમ વગર વિલંબે માથે ચઢાવવો; + તેમના બાંધેલા કાયદા બરાબર પાળવા; કંઇ પણ બાબતની ગરબડ કરી તેમને કંટાળો આપવો નહિ; લેસન બરાબર સમજીને કરી આપવું. તેમની ચાહના પ્રમાણે અગમચેતી રાખી ચાલવું; તેમનું માન સનમાન રાખવું; તેમના પ્રત્યે કે તેમના વિષે કોઈ ઠેકાણે વાતચિત કરવાની જરૂર પડે, તો તે માન પૂર્વક કરવી; મર્યાદા મૂકીને ઉંચે સાદે કદી બોલવું નહિ; તેમનું સારૂં ચહાવું; ને તેમના ઘર સાથે પાકદાનત રાખ-

+ બાળકો હોંસે હોંસે પાળી શકે એવી અગમચેતી રાખીને શિક્ષકે ધારા બાંધવાની કે હુકમ કરવાની ટેવ રાખવી.

વી. ઉપકારના બદલામાં પાછળથી પણ તેમને સંભાર્યા કરવા;× તેમના વિષે કંઇ ટીકા કરવી નહિ. તેમ તેમના દુર્ગુણ શોધવા નહિ, પણ સદ્‌ગુણના ગ્રાહક થવું. ત્યારે જ તમે ખરા ભાગ્યશાળી બની અગણિત સુખને પામશો.

જે વિદ્યાર્થી શિષ્ય ધર્મ પાળતો નથી, તથા જે કૃતઘ્ની થાયછે, તેને શાસ્ત્રમાં મહા પાપી અને પોતાના પગ પર કુહડી મારનાર ગણેલો છે. તેવા શિષ્યને વિદ્યા આપવી નહિ, એવી શાસ્ત્ર કર્ત્તાઓની તથા સરકારની આજ્ઞા છે. છતાં મહેરબાની રાખી તેવા છોકરાને કોઇ શિક્ષક જ્ઞાન આપવા જશે, તો તે (ગધેડાને સાકર ખવડાવ્યાની પેઠે) ઝેર જેવું લાગશે. એવી રીતે ભણવાનો વખત નકામો ગયા પછી તેની આખી જીંદગી પશુ તુલ્ય થઇ પડશે.



× શ્રી કૃષ્ણ મહારાજે તથા સુદામાજીએ પાળેલો ધર્મ, શિક્ષકે વર્ણવી બતાવવો.

પાઠ ૯. ભણીને ગણવું.

ભણી પછી ગણવું ઘણું, નહિતો ભણવું વ્યર્થ;
નિદ્રા વશ ભોજન જમે, ભૂખનો ન સરે અર્થ.

ભણીને ગણવું, એટલે શુદ્ધ રીતે વાંચવું, ને વાંચવું તેનો ખૂબ વિચાર કરવો, પછી તે પ્રમાણે ચાલવું. જે તેમ નથી કરતા તેમનું જ્ઞાન પોપટીઉં ગણાય છે. પોપટને શીખવ્યું હોય, તે બોલે છે ખરો, પણ તેનો અર્થ તે સમજતો નથી. વાંચો પોપટનાં બે બચ્ચાંની વાત. *

વાકયે વાકય સમજીને વાંચવું; ન સમજાય તો ફરી ફરીને વિચારવું, પછી તેમાંનો ઉપદેશ ગ્રહણ કરવો. કંઈ વાત યાદ રાખી બીજાને સંભળાવીએ છીએ, તેમ જે વાંચવું તે બરાબર સમજીને, તથા તે પ્રમાણે પોતાનો સુધારો કરીને, જ્યારે જોઇએ ત્યારે બીજાઓને સુધારીએ, ત્યારે જ "ભણીને ગણ્યા." એમ માનો.

કેટલાક છોકરા એવા પોપટીઆ હોય છે કે જે ભણે છે, તેમાંનો અક્ષરે અક્ષર બોલી જાય છે. પણ તેમાંનું એકાદ વાકય સમજાવવાનું કહીએ છીએ, ત્યારે તે સમૂળગા મૂગા રહે છે. એ શું થોડી શરમની વાત છે! એવું ભણતર શા કામનું? એથી તો જેમ પત્થર ઉપર પાણી રેડવાથી પત્થર ભીજાતો નથી, તેમ એવા ભણતરથી ભણનારનું હૃદય ભીજાતું નથી. અને ભીજાય નહિ, તો અજ્ઞાન રૂપી મેલ ધોવાઇને તે શી

* ત્રીજીનો પાઠ ૧૦ વાંચો.

રીતે ચોકખું બને? વાંચનમાળાનાં પુસ્તકોમાં તમામ પ્રકારની નીતિ આવેલી છે, છતાં તે યાદ નહિ રાખવાથી આ પુસ્તક તમને નવાઇ જેવું લાગશે, તેનું કારણ પણ એજ છે કે "ભણતર મિથ્યા વગર વિચાર."

મોંઢે યાદ કરવાની બાબત હોય, તે પણ શિક્ષક પાસે શબ્દે શબ્દ સમજીને પાઠે કરશો, તો તે થોડી મહેનતે ને શુદ્ધ તૈયાર થશે. આ શીખામણ પ્રમાણે ચાલવાથી થોડા દિવસ તમને અઘરૂં લાગશે,+ પણ હિંમત રાખેથી તેના ગુણનો તમને અનુભવ બરાબર થશે; પછી તેનાં વખાણ તમે જાતેજ કરશો.

આ પુસ્તકમાંના કેટલાક શબ્દો, વાકયો, અને ઇસારામાં બતાવેલા દાખલાઓની સમજ ન પડતી હોય, તે પણ શિક્ષક પાસેથી સમજીને તે પ્રમાણે પોતાની વર્તણુંક (ચાલચલકત) માં સુધારો કરો.



+ શિક્ષકે દરેક પાઠનાં વાકયો પૃથક્ કરીને અર્થસહ સમજાવવાં, ને છોકરાઓમાં તેવી પદ્ધતિ લાવવી. થોડા દિવસ શિક્ષકને અઘરૂં લાગશે, પણ રસ્તે ચઢયા પછી હમેશાં ઉંચકીને ચાલવાની જરૂર પડે છે, તે ધીમે ધીમે દૂર થશે.

પાઠ ૧૦ ઉમંગથી ફરીને કરવું.

હર્ષ ઉમંગ થકી કરો, ધીર ધરી અભ્યાસ;
પોપટ સરખા પંખી પણ, વાણી વદે છે ખાસ.

કંઈ લેસન ન આવડે, + તો તેથી હિંમત છોડીને બેશી રહેવું નહિ સારૂં કામ કરવાને વાર લાગશે, એમ ધારી હર્ષે થકી તે કામપર મચ્યા રહેવું, પણ કંટાળો લાવવો નહિ. કદાપિ કંટાળો આવે તો યાદ કરવું કે "માણસથી શું કામ થયું નથી?" માણસથી ફક્ત જીવ મૂકાયો નથી. બાકીનાં તમામ કામ માણસે ધીરજ, હિંમત, ને ઉમંગથી પાર પાડેલાં છે. જુઓ, પવન, પાણી, વરાળ, વીજળી, વગેરેને પણ માણસે ચાકર * બનાવ્યાં છે. તે માણસો આપણા જેવા જ છે. છતાં તેમના જેવા માણસ થઇને પાઠ કે હિસાબથી કંટાળી તમે આળસુ બનશો, તો પછી બીજું કયું ભારે કામ કરી આ જગતમાં પ્રખ્યાતિ મેળવશો? માટે કાળજી રાખી કંઇપણ કામમાં જરાએ અણગમો લાવવો નહિ. ધીરે ધીરે સારૂં થશે. એક વખત નહિ, તો બીજી વખત. ને બીજી વખત નહિતો ત્રીજી વખત. એમ જ્યાં સુધી ન આવડે, ત્યાં સુધી તેની પા-

+ શિક્ષકે છોકરાંની શક્તિ જેટલું અને બરાબર સમજાવીને, (મા બાળકને જેટલા પ્રેમ ને ઉત્સાહથી દૂધ પાય છે, તેટલા જ પ્રેમથી શિક્ષકે) ખુલ્લા દીલથી શિક્ષણ આપવું જોઇએ.

* આગગાડી. તાર, આગબોટ, વગેરે સંચાઓનું વર્ણન શિક્ષકે કરી બતાવવું.

છળ પડવું. જેથી તે થાકી જઈ હાથ જોડીને તમારી પાસે (પેલા ઠાકોરના હિસાબની પેઠે) × દોડી આવશે. ઠાકોરને અસર કરનાર, કંડીઆ વેચનારે લીધેલી શીખામણ વખતો વખત યાદ કરો. પોપટ જેવા પ્રાણી પણ અભ્યાસ કરવાથી બોલ બોલતાં શીખે છે! કૂવા ઉપરના કઠણ પથરા દોરડાં વડે ઘસાય છે! એવા પત્થર કરતાં માણસનું હૈયું કાંઇ કઠણ નથી. તે તો બહુ જ કોમળ છે. ત્યારે એવું કોમળ મન વિદ્યાના પ્રસારાથી કેમ નહિ ઘસાય? એતો અભ્યાસ વડે વહેલું ઘસાઇ જઇ વધારે વધારે ચળકતું થશે. તે એટલે સુધી કે તેનો પ્રકાશ સૂર્ય, ચંદ્ર, ને છેવટે પરમાત્મા સુધી પહોંચશે. માટે જ ઉમંગથી ફરીને કરવું," ને એ બોલને હરેક કામે યાદ કરવો.

આ બોલ જેમ સારા કામને લગાડવાથી સારાં પરિણામ નીપજે છે, તેમ નબળા કામને આ બોલ લગાડવાથી નબળાં પરિણામ નીપજે છે. માટે સારા નરસાનો વિચાર કરી હરેક ઉમદાં કામોમાં ઉમંગ આપવા ચૂકવું* નહિ.



× પાંચમીના પાઠ. ૫૫ થી ૫૭ સુધી વાંચો.

* છઠ્ઠીનો પાઠ ૨ જો વાંચો.

પાઠ ૧૧ દફતરની વ્યવસ્થા રાખવી.

ભણતરથી દફતર દીપે, નહિ તો ખોટું નામ;
લોકો કે'શે કોથળી, જેવી હોય હજામ.

પુસ્તકો, નોટબૂકો, સ્લેટપેન વગેરે ભણવાની જે જે વસ્તુઓ તમારી પાસે હોય, તે સઘળી એક દફતરમાં રાખવી; છોડતી તથા બાંધતી વખત વિવેકથી તે સંભાળી જવી; ખપ સિવાયની વસ્તુઓ દફતરમાં રાખવાથી, ઘેલીના ગવાળાની પેઠે થાય તે થવા દેવું નહિ.

પુસ્તકો ડાઘાડૂઘીવાળાં થવા દેવાં નહિ; તેમાંના કાગળ ફાડવા નહિ; પૂઠાં એટલાં તો સાચવવાં કે માંહેના કાગળ ફાટે નહિ; ઠેકાણે ઠેકાણે નામ ચીતરવાં નહિ; તેમ બીજી કંઈ પણ બાબત તેમાં લખીને તેને ગંદી બનાવવી નહિ; ફક્ત એકાદ પાને પોતાનું નામ ઠામ ને ગામ ચોકખે અક્ષરે લખવું.

ચીતરવા કે જોવા સારૂ નકશા રાખ્યા હોય, તો તે એક ભૂંગળાની અંદર, બરાબર રાખવા કે ફાટે નહિ; જોતી વખત કલમ કે સોટી વગેરેની અણીઓ ઘોચવી નહિ.

હરેક બાબતની નોટબૂકો બાંધવી. તેમાં ચહેરચુંથ કરવી નહિ; વળી તેમાં અક્ષર પણ સારા ગોઠવીને લખવા, કે જોનારને તરત સમજણ પડે; મહેતાજીએ જે જે બાબત મોંઢે સમજાવી હોય કે ધારા બાંધ્યા હોય, તેનું ટાંચણ કરી રાખવું; દરરોજના લેસનનું ટાઇમટેબલ લખી રાખવું; વળી મહીને મહીને કેટકેટલું ભણવાનું છે, તે શિક્ષક પાસેથી અગાઉથી નકી કરાવીને નોંધી રાખવું, ને રજાને દિવસે તપાસી જોવું, કે ભૂ-

લી જવાય નહિ; જેથી ઓછા વખતા અભ્યાસની કાળજી રહેશે.

અક્ષર સુધારવા સારૂ જે કોપી બૂકો લખાવી કાગળ બગાડવામાં આવે છે. તેનો ઉપયોગ મૂર્ખ છોકરાઓ વેઠની માફક કરે છે, એટલે ફાવે તેવે અક્ષરે પાનાં ભરી કાઢે છે. માટે તેમ ન કરતાં શિક્ષકની સમક્ષ એક લીટી લખવી; ને તેમાં તેઓ જે અક્ષરમાં ખામી બતાવે, તે સ્લેટપર ઘૂંટી તૈયાર કરી બીજી લીટી કાઢવી; એમ વખતો વખત દેખાડતા રહી ભૂલો સુધારતા રહેવું. શિક્ષકે કિત્તો જે ઢબથી ઝાલાવતાં શીખવ્યો હોય, ત્યાંથી આમ તેમ ફેરવવો નહિ;+ આંગળીએ ડાઘ પડે તેટલી કલમ ખડીઆમાં બોળવી નહિ; એમ કાળજી રાખવાથી તમારા અક્ષર સુધરશે. ડાઘ પડશે નહિ, ને ધીમે ધીમે મોતીના દાણા જેવા સુશોભિત અક્ષર આવશે. અક્ષરથી કદરૂપો માણસ રૂપવાન ગણાઇ ઘણા માનને પામે છે, માટે અક્ષર સુધારવા તરફ વધારે લક્ષ આપવું. કોપી બૂક માંહેનાં વાક્યોની મતલબ પણ સમજવી.

ઉપલાં ધોરણ શીખો તેમ તેમ કિત્તા ને કલમ તમારા હાથે જ કાઢતાં શીખો, ને લીટીઓ પણ હાથે દોરવાનો હમેશાં અભ્યાસ રાખવો.

+ શિક્ષકે કિત્તો ઝાલતાં બરાબર શીખવવો. તેનું મોં હમેશાં ઇશાનકોણમાં એટલે લખનારની જમણી આંખ તરફ રખાવવું. લખતાં ફેરવે નહિ તે ઉપર લક્ષ રાખવું જેમ બને તેમ નાનપણથી જ હાથે લીટીઓ દોરતાં શીખવવું. બીજા ધોરણની અંદરના નાના છોકરાઓના કિત્તા (કલમ) ઉપર (ખરી રીતે ઝાલતાં) તર્જની આંગળીનું ટેરવું જે ઠેકાણે આવતું હોય ત્યાં તર્જનીનું ટેરવું રહે તેટલી ખાડ (ખોભણ) કરી આપ

પાઠ ૧૨ ભટકવું નહિ.

કામ વિના રખડો નહિ, મે'નત સુખનું મૂળ;
રખડે રોટી ના મળે, પાછળ ઉપજે શૂળ.

કામ વિના રખડવું તેને ભટકવું કહે છે. કેટલાક છોકરા નિશાળેથી છૂટીને ખાધું ન ખાધું કરી, નઠારા ને અભણ છોકરાઓની સોબતમાં ફરતા ફરે છે, એથી તેમનાં શરીર બગડે છે; સદ્ગુણને બદલે તેમને દુર્ગુણ મળે છે; લોકો તેમના માટે હલકો મત બાંધે છે, ને બીજાં પણ ઘણાં નુકસાન થાયછે. "રસ્તામાં રસળવું× નહિ." એ વિષેના પાઠથી તમારી ખાત્રી થશે, કે અભણ છોકરાઓની સોબત કરવી નહિ. તેવા છોકરાઓને તમારી સોબત કરાવી, તેમને ભણાવવાને તમે સમર્થ થશો, ત્યારે જ સૌ એમ ધારશે કે તમે ભણીને ગણ્યા ખરા.

જાનવરોને તો પરમેશ્વરે અંગજ્ઞાનજ આપેલું છે, જેથી આપણા જેટલી તેમને જંજાળ હોતી નથી, તોએ તે નકામાં ભટકતાં નથી. * પણ માણસને તો મોટા થયે સંસારની ઘણી માયા વળગવાની છે, જે માયા સદ્ગુણથી જ સુખરૂપ થાય છે. હવે નાનપણમાં સદ્ગુણ નહિ મેળવતાં, રખડીને દુર્ગુણ મેળવશો, તો તેજ માયા દુઃખરૂપ નીવડશે, ને ઘરાઇને ધાન્ય

વી, કે જેથી તર્જનીના દબાણથી, છોકરાઓ કિત્તો ફેરવવાની જે મોટી ભૂલ કરે છે, તેમાંથી તે બચશે. વળી લખવામાં સ્ટીલપેનનો ઉપયોગ અટકાવવો.

× ત્રીજીના પાઠ ૧૧૨ થી પાઠ ૧૧૪ સુધી વાંચો.

* ત્રીજીના પાઠ ૧-૨ વાંચો.

પણ ખાવા દેશે નહિ. તે વખતે નાનપણનો વખત નકામો કાઢ્યા બદલ તમને ઘણો પસ્તાવો થશે, પણ તે પસ્તાવો શા કામનો ? કારણ ગયો વખત પાછો મળશે નહિ.

આ પુસ્તકમાં બતાવેલી તમારી જે જે ફરજો છે, તે બજાવતાં તમને બીલકુલ નવરાશ મળવાની નથી. એટલે તમારૂં કામ પૂરૂં થાય કે સારાં સારાં પુસ્તકો વાંચવાં; સારા ને પવિત્ર માણસોની સોબતમાં બેસવું; ઇશ્વર ભજનનો વધારો કરવો; તમારા સ્નેહી ભાઇઓ તમારી પાસે કંઇ શીખવા સારૂ આવે, તો ઘણા પ્યારથી તેમને શીખવો; વળી તમારા શિક્ષક કે એવા શુભેચ્છક માણસોની સેવા રાખો, કે જ્યાંથી તમને સારા સાગ સદ્ગુણ, ને ઉંચી જાતની વિદ્યા મળશે. કહો ત્યારે ભટકવાનો વખત ક્યાંથી મળશે ?

જગતમાં ઉદ્યમ છે, તેજ મોટો છે. ઉદ્યમ વડે જ માણસ જાતની ધારણાઓ પાર પડે છે. વળી પરમેશ્વર પણ ઉદ્યમીને જ સહાય થાયછે. વાંચો દેવ અને ગાડીવાન તથા કણબીને ધનની વાત.×

આ ઉપરથી તમારી રમતો બંધ થાયછે એમ સમજવું નહિ. હમેશાં થોડો થોડો વખત નિશાળમાં રમત અને કસરતમાં કાઢવાનો છે. વળી મનને આનંદ આપનારી રમતો પણ રમવાની છે. નીતિનો કે સદ્ગુણનો ભંગ ન થાય તે ઉપર કાળજી રાખી થોડો વખત સદ્ગુણી માણસોની સમક્ષ (પોતાનું કામ તૈયાર કરીને) રમવાને હરકત નથી.



× ચોથીનો પાઠ ૨૭ તથા ત્રીજીનો પાઠ ૧૫ વાંચો.

પાઠ ૧૩. ગયો વખત પાછો મળતો નથી.


પળ પાછી નવ પામીએ, પછી પસ્તાવો થાય;
ઘડી જે જાય તે, જોષીથી ન લવાય.

જે વખતે આપણે પારણામાં રમતા હતા; હીંચતા હતા; રોતા હતા; માના ખોળામાં બેશી ધાવતા હતા; બેશી કે ઉભા રહી શકતા નહોતા; હીંડતા કે બોલતા નહોતા; લાજ શરમ રાખતાં નહોતા; નાગા ને નાગા રહેતા; ધૂળમાં ને કાદવમાં, અરે મળમૂત્રમાં ટીચાઇ શરીર બગાડતા; તે વાતની હવે આપણને ખબર પણ છે? ના. તે વખત હનો કે નહિ? હવે તે વખત આ દેહથી ફરીને આપણે ભાળીશું? કદી પણ નહિ. ત્યારે ધારો કે "ગયો વખત કોઈ પણ પ્રકારે પાછો આવવાનો નથી." જે વસ્તુ ફરી મળવાની નથી, તે મહા અમૂલ્ય ગણાય છે. તેવો અમૂલ્ય (હીરા જેવો) વખત નકામો ગુમાવીએ તે સારૂં કહેવાય નહિ. ભીલડીના હાથમાં હીરો જાય, તો તે પત્થર સમાન ગણે છે, તેમ અકર્મી માણસની જીંદગી એળે ખોવાય છે. અને એળે ગુમાવવાથી પેલા તીડની* માફક ભીખ માગતાં પણ ભૂખે મરવું પડે. માટે વિચારો કે પાંચ છ વરસ તો બચપણમાં એટલે હીંડતાં, બોલતાં, રમતાં શીખવામાં જાય છે; ત્યાર પછી વીશ વરસના થાઓ, ત્યાં સુધી તમારૂં મન ને તન બંને સુધારવાનાં છે. ને જેનાવડે આ સંસાર સુખરૂપ નીવડવાનો છે, માટે પહેલી વીશી નકામી ન જાય તે પર કાળજી રાખો.

---

* છઠ્ઠાનો પાઠ ૨ જો વાંચો.

તમે નાના બાળક છો, જેથી તમારી વિટંબણાની સંભાળ તમારાં માબાપ લે છે, તેથી હાલમાં તમારે વિદ્યા કે સદ્ગુણનો ઝાઝો ખપ પડતો નથી. પણ જ્યારે મોટા થશો, ને તમને માયાનો પાસ વળગતો જશે, તે વખતે તેનો એટલો ખપ પડશે કે તે વગર પગલે પગલે અમુંઝાઇ જશો.× આખી જીંદગીનું સુખ મેળવવા સારૂ પરમેશ્વરે પહેલી વીશી બક્ષેલી છે. જે તે વીશી સાચવી જાણે છે, તેનો જય થાયછે. ને જે નકામી ગુમાવે છે, તે મહા દુઃખ પામે છે. એવું સમજી હમેશાં ખંત તથા ઉમંગથી પોતાના કામમાં તત્પર રહી એક પળ પણ નકામી ગુમાવશો નહિ.



× મોટી ઉમરના અભણ માણસને પૂછીને તેમની વિટંબણા સાંભળી તમારા મનને સુધારો.

પાઠ ૧૪. ચોક્ખાઇ રાખવી.

ચોક્ખી ચીજો રાખવી, ચોકખું રાખ શરીર;
માખી સરખું જીવડું, પવિત્ર રહેછે વીર.

મીઠા વતી દાંત ઘશીને તથા જીભ ઉપરથી ઊલ ઉતારીને હમેશાં દાતણ કરવું; તેથી મોહું ચોક્ખું થાય છે. જો એમ ન કરીએ તો મોં તથા શ્વાસ ગંધાય, તેથી કોઇ માણસ પોતાની પાસે ઉભા પણ રહેવા ન દે. તે વખતે કેટલું શરમાઇને નીચું જોવાનુ થાય!

હમેશાં એક વખત કકુંણા પાણીથી નહાવું; નહાતી વખત બને તો સાબુ વતી ચોળીને, કે છેવટે હાથે વતી ખૂબ મસળીને મેલ ઉતારવો. આપણી ચામડીમાં અસંખ્ય બારીક છિદ્ર છે,+ તે વેહને રસ્તે પરસેવો તથા મેલ બહાર નીકળે છે. જો ચોળીને ન નહાઇએ તો પેલાં કાણાં મેલ વડે પૂરાઇ જાય, ને માંહેથી નીકળતો મેલ તથા પરસેવો માંહેજ ગોંધાઈ રહે. તેથી ચામડીમાં જીવ તથા ગરમી પેદા થઈ, ખસ, દાદર, ગૂંમડાં વગેરે ચેપી રોગ પેદા થાય છે. માટે હમેશાં ચોળી મસળીને નહાવું; તેથી આપણું મન તથા તન બંને પવિત્ર રહે છે. આપણાં ધર્મશાસ્ત્રોમાં "નહાઇને જમવું." એવો પ્રતિબંધ એટલા માટેજ કરેલો છે; તેનો ઉપયોગ કેટલાક

+ આપણી ચામડીમાં કરોડો ઝીણાં કાણાં છે, તે આપણી ખુલ્લી નજરે દેખાતાં નથી, પણ સૂક્ષ્મદર્શક યંત્ર વડે જણાઈ આવે છે. ઉન્હાળામાં પરસેવાના મોતીઆ નીકળે છે, તે ક્યાંથી અને કયે રસ્તે નીકળે છે, તેનો વિચાર કરવાથી મનનું સમાધાન થશે.

હિંદુઓ વેઠની માફક કરે છે. એટલે જેવું તેવું બે ચાર લોટા પાણી લઈ શરીર પલાળે છે, ને પોતે પવિત્ર થયાનો મિથ્યાભિમાન રાખે છે; પણ નહાવાનું મૂળ કારણ તેઓ સમજતા નથી. તેમને નહાવાનું કારણ સમજાવી, તેનાથી વિરૂદ્ધ થતાં નુકસાન બતાવવાં.

લૂગડાં જાડાં કે થીગડાવાળાં હોય, તેની કશી ફીકર નથી. કેમકે "ઘરડે માબાપે અને ફાટે લૂગડે લાજ નથી." પણ તે ચોકખાં ધોએલાં પહેરવાં જોઇએ. સારાં સાફ લૂગડાં પહેરવાં એ માણસનું એક ભૂષણ છે; તેથી સૌ કોઈ તેને માન આપે છે. નહિતો દરીદ્રિ ને આળસુની છાપ પડી જાય છે.

ઘરમાં વાપરવાની તમામ ચીજો ચોકખી રાખવી. ઘરમાંથી તથા આજુબાજુથી કચરો કઢાવી સાફ રખાવવું. ને એઠવાડ કે ગંદવાડ પડવા દેવો નહિ. ઘરની ભીંતે કે છાપરે બા'વાં કે કચરો પડતો હોય તે દશ પંદરે કઢવતા રહેવું. ને વરસમાં એક બે વાર, કળી ચૂનો, ખડી, કે છેવટે મરડીઆનું છાંટણું ભીંતે છાંટી ધોળી નાખવું. વગેરે વગેરે ચોકખાઈથી આપણું શરીર તથા મન બંને સુધરશે. ને લોકો આપણો દાખલો લઇ તે પ્રમાણે ચોકખાઈ રાખશે.

એ બધી બહારની ચોકખાઇ જાણે કે શરીરના રક્ષણ માટે ઠીક છે, પણ જ્યાં સુધી પેલા શિયાળની પેઠે મનને મેલ વળગેલો છે,* ત્યાં સુધી અંતે મોક્ષ નથી એમ નક્કી સમજી ઉપલી ચોકખાઇની સાથે મનની પણ ચોકખાઇ રાખવી.

* ચોથીનો પાઠ ૧૧૧ વાંચો.

પાઠ ૧૫. જૂઠું બોલવું નહિ.

પાપ મૂળ તો જૂઠ છે, ધર્મ તણું હરનાર;
દુર્ગુણ અધિક વધારીને, ખવડાવે છે માર.

આપણા મનમાં જે ખરૂં માનતા હોઇએ, તે પ્રમાણે કહેવું કે સમજાવવું, તેનું નામ સત્ય (સાચ) છે; અને તેથી ઉલટું કે વસ્તુનું ઓછું કરીને કહેવું, તેનું નામ જૂઠ કે અસત્ય છે. જૂઠ છે તે બધાં પાપનું તથા દુર્ગુણોનું મૂળ છે. તે વડે જ સર્વે પાપનાં કામ થઇ શકે છે, માટે તેનાં તો આવતાંજ પગલાં ટાળવાં.

આપણા હાથે કંઇ નુકસાન થયું હોય, ને તે કહેવાથી માર પડે તેવું હોય, તોએ તે જેવું હોય તેવું કહેવું. સાચું બોલવાથી પરમેશ્વર આપણી વહારે ચઢે છે. એટલે સામા માણુસના મનમાં વશીને તેનો પ્યાર વધારે છે. બાળક છતાં મારની બીકથી પણ જૂઠું નહિ બોલો, તો સઘળાં માણુસો તમારા પર ઘણો ભરોસો રાખશે. ને દીન પ્રતિદીન લોકો "સત્યવાદી" એવી ઉપમા આપશે. વાંચો કેશવલાલની વાત. *

"જૂઠનો આવરદા ચાર ઘડી." એટલે જૂઠો માણુસ જૂઠું બોલીને નિભાવે, પણ તરતજ તે ઉઘાડું પડે છે. તેથી જૂઠું બોલનારના બે વાંક થાય છે. એક તો થએલું નુકસાન, ને બીજું જૂઠું બોલવું. એમ થવાથી સામો માણુસ વધારે ચીડાય છે. ને "ચૌદમું રત્ન', ચખાડે છે. તેથી જૂઠાની પૂરી ફજેતી થાય છે, પછી તે કદી સાચું બોલે તો પણ કોઈ

* ચોથીના પાઠ ૩૩ થી ૩૫ વાંચો.

તેનું કહેલું માનતું નથી. એ જૂઠું બોલવાની ટેવ છોડવા વિ-ષેનો પાઠ વાંચી ખાત્રી કરો. +

સંસારમાં સત્યતા ન હોય તો ધંધો રોજગાર બંધ પડે, ને ગદદાનત ને મારામારી વધી આખો સંસાર નાશ પામે. જે દુ-ર્ગુણથી સંસાર સરખો નાશ પામે, તેના આગળ માણસનું શું ગજું? એવું સમજી નાનપણથીજ સાચું બોલવાનો રીવાજ રાખજો.

ચંદ્ર, સૂર્ય, વરસાદ, પવન વગેરે મોટા પદાર્થો પણ પરમેશ્વરે આપેલી સત્યતા પ્રમાણેજ વર્તે છે. ત્યારે જ આપણે દેવ સરખા ગણી પૂજીએ છીએ. જો તેઓ સત્યતા છોડી દે. તો આપણું શું થાય? માટે સત્યતા એ એક મોટી દેવી છે, તથા એજ પ્રભુને વહાલી છે. સત્યતા સાચવવા માટે હરીશ્ચંદ્ર રાજાએ કેટલાં બધાં દુઃખ સહન કર્યાં હતાં, × તેનો વિચાર કરી સત્યને રસ્તે ચાલો.

બોલતા પહેલાં વિચાર કરવો. જે કામ બનવાનું નથી તેને માટે વિશ્વાસ આપવો નહિ. જે કામમાં પાપ ન હોય, ને પોતાનાથી બની શકે તેવું હોય તે કરવાને હા કહેવી. વિશ્વાસ આપ્યા પછી તેમાં નુકસાન થાય તેની હરકત ગણવી નહિ. એથી પરમેશ્વર રાજી રહે છે, ને લોકોમાં આબરૂ વધે છે §

+ છઠ્ઠીના પાઠ ૩૨ તથા ૮૧ થી ૮૩ વાંચો તેમ ચોથીનો પાઠ ૪૪ ને ૬૧ વાંચો.

× શિક્ષકે કહી બતાવવી. § બાળકોમાં જૂઠું બોલી છેતરવાનો રીવાજ વધારે જોસથી ચાલે છે. માટે જૂઠું બોલનારને ઘટીત શિક્ષા આપવી, અને સાચું બોલનારનો ગુનો માફ કરવો. વળી તે ઇનસાફ આખી શાળામાં પ્રસિદ્ધ કરવો કે છોકરાઓ જૂઠું બોલવાથી દૂર રહેશે.

પાઠ ૧૬. ચોરી કરવી નહિ.

ચોરી ચારી મૂકજો, નથી જ તેમાં સુખ;
માન ઘટે દંડ પડે, પ્રભુજી દે છે દુઃખ.

પારકી જણસને ભૂંડી દાનતથી લેવી તેનું નામ ચોરી કહેવાય છે. ચોરી કરનાર માણસ એમ સમજે છે કે "તે વસ્તુ મને પચશે, અથવા તેથી ધારેલું સુખ ભોગવીશ." પણ તે તો ચોરના ચોર ને દરીદ્રિ જ રહેવાના. જુઓ ચોર લોકો હજારો રૂપીઆનો માલ લઇ જાય છે, પણ તેમને ગરીબ માણસ જેટલુંએ સુખ મળતું નથી. તે વિષે કહેવત છે કે "ચોરનો માલ ચંડાળે જાય, ને પાપી હાથ ઘસતા થાય." વાંચો ચાર ચોરની વાત ×


આપણી જણસ કોઇ લઇ જાય, ને તેથી જેટલું આપણને દુઃખ થાય, તેટલું જ દુઃખ સઘળાં માણસોને (પોતાની વસ્તુ જવાથી) થાયછે. માટે ચોરી એ ઇશ્વરી નિયમથી વિરૂદ્ધ છે; જેથી કોઇની પેન સરખીએ છાની રીતે લેવાને મનને લલચાવવું નહિ, નહિ તો આગળ જતાં મોટી ચોરીઓ કરી પાપી બનશો.

જ્યાં સુધી ચોરીનો પત્તો લાગતો નથી, ત્યાં સુધી સરકારના જમ જેવા સિપાઇ તેના ઉપર ફરતા ફરે છે. એમની બીકથી ચોરને સુખે ઉંઘ આવતી નથી. પણ શું કરે? "સાપે ઝાલ્યું છછુંદર." જો ખાય તો મરી જાય, ને મૂકી દે તો

× ચોથીનો પાઠ ૩૦

આંધળો થાય; એ પ્રમાણે બંને તરફથી દુઃખ થાયછે. પછી પસ્તાવું એ શા કામનું! આખરે સરકાર તેને પકડે છે, મારે છે, ને છેવટે ઇન્સાફ કરી કેદમાં નાખી તેની પાસે સખ્ત મજુરી કરાવે છે. એથી ગામે ગામ ને ઘેર ઘેર તેની ગેરઆબરૂ થાયછે. કેદમાંથી છૂટયા પછી પણ સારો માણસ તેને પોતાની પાસે કદી ઉભોએ રહેવા દેશે નહિ. વળી જ્યારે ગામમાં કે પરગામમાં ચોરી થશે, ત્યારે તે નિરપરાધી હશે, તો એ શકને લીધે વખતો વખત માર ખાશે. કહેવત છે કે "શાખે ચોર માર્યો જાય, ને શાખે શાહુકાર રળી ખાય."

માટે નાનપણથી જ આ બૂરી ટેવને અટકાવવી. ને કોઇની પેન સરખી ચોરવી નહિ. કોઇની જણસ જડે તો તે છુપાવવી નહિ. પણ તજવીજ કરી તેના ધણીને કે મહેતાજીને સોંપવી+ જે માણસ તેમ કરતો નથી, તે ધીમે ધીમે મોટી ચોરી કરતાં શીખે છે. માટે પારકી સોના સરખી ચીજ હોય, તોએ તેને તુચ્છકારીને ચાલવું. ને પોતાની જાતિ મહેનત વડે જે મળે તેથી સંતોષ માનવો.



+ ચોથીના પાઠ ૧૧૨ થી ૧૧૪ તથા બીજીનો પાઠ ૩૫-૩૮ વાંચો.

પાઠ ૧૭. સારી સોબત કરવી.

સારી સોબત સાધજો, ભૂંડીથી રહો દૂર;
કાગળ કાજળ સોબતે, કાળો થાય જરૂર.


જેવી સોબત કરીએ, તેવી અસર આવે. એક જ માબાપનાં બે છોકરાં હોય. પણ જેને સારી સોબત આપી હોય, તે સારૂં થાયછે; અને જેને નઠારી સોબત આપી હોય, તે નઠારૂં થાયછે; સોબતની અસર બીલકુલ જતી નથી. તે પોપટનાં બે બચ્ચાંની વાતથી ધ્યાનમાં લ્યો. +

સારી સોબતે સારાં ફળ મળે છે, ને નઠારી સોબતે નઠારાં ફળ મળે છે; તે તો બે કુતરાની વાતપરથી તમારા મનની ખાત્રી થઇ હશે. * સારી સોબતની અસર આવતાં તો વાર લાગશે, પણ નઠારી સોબતનાં ફળ તરત ચાખવાને મળશે; વાંચો અંબુની વાત $ સારો ઉજળો કાગળ મેંશની સોબતથી તરત કાળો થશે, પણ મેંશ કે કોયલાને કાગળની અસર લાગશે નહિ કદાપિ કોઇ સાબુ લગાવી ધોશે, તો પણ ઉજળો થશે નહિ. કલાલની દુકાનમાં બેશી ચોક્ખું દૂધ પીએ, તોપણ કલાલની દુકાનની અસરથી લોકો દારૂ પીધાનો શક આણશે, ને આબરૂને હાની પહોંચાડશે; તેમજ દશ શેર દૂધમાં પાઇભાર ઝેર ભેળવી સાકર નાખી ઉકાળીને કોઇ પીએ, તો પણ પીનારના પ્રાણ જશે. વગેરે દાખલાઓથી તમારી ખાત્રી થશે કે નઠારી સોબતનું ફળ તરત મળે છે, માટે તેનાથી ડરીને વેગળા નાસવું; ને નાનપણથી જ સજ્જનોની સોબતમાં ભળવું. એટલે જૂઠા, ચોર, કેફી, લુચ્ચા, ઉડાઉ, જુગારી વ-

---

+ ત્રીજીનો પાઠ ૧૦ વાંચો. * બીજીના પાઠ ૭૦ ને ૬૦ વાંચો, $ છઠીના પાઠ ૮૧ થી ૮૩ સુધી વાંચો

ગેરે દુર્ગુણી માણસોથી દૂર નાસવું; એટલું જ નહિ પણ મન ને બગાડનારા દુર્ગુણોથી પણ ડરી ડરીને ચાલવું.× ને સારા નરસાનો વિચાર કરીને ચાલવું. એટલે ઘણાક મૂર્ખ લોકો ના નાં બાળકોને નઠારી સલાહ આપી બગાડે છે, તે વખતે કાચી બુદ્ધિવાળો છોકરો ઝેરને, સાકર જેવી ગણી કબૂલ કરે છે. તેવા પ્રસંગે તમારે લાંબો વિચાર કરવો, ને ભૂંડી સોબતમાંથી બચી જવું. કડવું ઓસડ પાનાર, એટલે ખોટું લગાડીને પણ આપણું સારૂં તાકનાર, તથા ઘરડાં ને મોટાં માણસોની સોબત કરી સારા ગુણ મેળવવા; ને તેમને પોતાના પ્રાણથી પણ પ્યારા ગણવા.



× ભાંગ, ગાંજો, અફીણ, વગેરે કેફી તથા ઝેરી ચીજોથી પણ આપણે દૂર રહેવું. જો તમે તેની જરા જરા સોબત કરવા જશો, તો તે એવી ચીજો છે કે તમને બાઝી પડશે, અને છોડવી છૂટશે પણ નહિ. છેવટે વખતે તેમાંથી પ્રાણ પણ જાય, એ ઉઘાડું છે.

પાઠ ૧૮. કુટુંબમાં સંપ વધારવો.

કુટુંબ કેરા કલેશથી, વધે ઘણા સંતાપ;
પણ કીડીઓએ કોડથી, સંપે માર્યો સાપ.

કીડીઓની પેઠે આપણે પોતાના કુટુંબ (ભાઇ ભાન્ડુ તથા વિદ્યાર્થી મિત્રો)ની સાથે હળીમળીને ચાલવું; કદી કજીઓ કંકાસ કરવો નહિ; રીસાળ છોકરાની પેઠે રીસાવું નહિ;* કોઇને ખીજવવું નહિ, તેમ ખીજવ્યાથી ખીજાવું નહિ;‡ છેતરવાની વાત એક બાજુએ મૂકવી; જીભમાં મીઠાશ રાખવી; તથા એકબીજા ઉપર ઘણું હેત રાખવું. × ને હરેક બાબતમાં એક બીજાની હરકતોને ખમીને ચાલવું; "હરકત ત્યાં બરકત" એ વાક્ય હરઘડી યાદ લાવવું; વળી પેલા બે બકરાનું ડહાપણ મનમાં લાવો,§ જો તેમણે કુસંપ કર્યો હોત તો તેનું પરિણામ શું આવત?

કંઇ ખાવા પીવાની કે વાપરવાની ચીજ, તમારાં ભાઇ બેનને તમારા કરતાં વધારે જોઇતી હોય, ને તે બાબત તેઓ કંકાસ કરે, તો તેમને કાચી બુદ્ધિનાં સમજી વધારે આપી સંતોષવાં;ડ એક બે વખત એમ થવાથી તેઓ પોતાની મેળે શરમાઇને નીચું જોશે, ને ફરીને તેવી આશા રાખશે નહિ. કામકાજ પણ હળીમળીને કરવું; ન આવડતું હોય તે ફુરસ-

+ બીજીનો પાઠ ૬૩ વાંચો. * બીજીનો પાઠ ૬૬.
‡ બીજીનો પાઠ ૨૧ તથા ત્રીજીનો ૪૫. × ત્રીજીનો પાઠ ૭૫.
§ ત્રીજીનો પાઠ ૧૧૦–૧૧૧ વાંચો. ડ ચોથીનો પાઠ ૧૩૦.
ડ ત્રીજીના પાઠ ૪૫, ૫૦ તથા પાંચમીનો પાઠ ૧૧૯ વાંચો.

હની વેળાએ શીખવવુંx; રમતાં રમતાં પણ કુવચન કાઢવું નહિ; બાઇબેનના હાથે કંઇ અજાણતાં નુકસાન થઈ ગયું હોય, તો તે ચાડીઆની માફક ઉઘાડું કરવું નહિ; પણ એવું નુકસાન વધે તેમ હોય, ત્યારે તાકીદે જાહેર કરવું; પછી ધીમેથી તેમને શીખામણ દેવી, કે ફરીથી તેવું ન કરે. જે નુકસાન ઢાંકયું હોય તે વિષે માબાપ કે મહેતાજી પૂછે, તે વખતે સાચેસાચું કહેવું, પણ તે સાથે પોતે આપેલા ઠપકા તથા શીખામણનું જાહેર કરી, માફી માગવી તથા મગાવવી, કે ફરીથી તેવું કામ કરે નહિ. આથી તમારાં માબાપ ને મહેતાજી કેમ ખુશી નહિ થાય? પોતાનાથી નાનાં હોય તેમને સારી સારી સલાહ આપી સુધારવાં, ને નિશાળે લઇ જવાં; તથા તેમની સંભાળ રાખવી. પોતાનાથી મોટાં હોય તેમના કહ્યાથી આડું ચાલવું નહિ, પણ તેમની આજ્ઞામાં રહેવું. નિશાળમાંએ તમારા કુટુંબ (વર્ગ.) સાથે આ પ્રમાણે ચાલવું.

સંપ થકીજ સઘળાં ધર્મના ને સાર્વજનિક કામો થાય છે; જેના કુટુંબમાં ઘણો સંપ હોય છે, તેની નાત જાતમાં ઘણી આબરૂ વધે છે. વળી તેમના સઘળે ઠેકાણે માન મળે છે; ને સૌ લોક તેમનાથી ડરીને ચાલે છે. સંપીલા કુટુંબમાં ઉછરેલો સખસ ઘણોજ ગંભીર પાકે છે, જેથી તેની સુવાસ ઘણીજ ફેલાઇ રહે છે. માટે તમારે પણ હમેશાં સંપીલા બનવું.

x પાંચમીનો પાઠ ૮ થી ૧૦.

પાઠ ૧૯ નમ્રતા રાખવી,

કમળ નથી ફૂળવંતને, શીંગ નથી કુપાત્ર;
જનમાં જેવી નમ્રતા, એવું તેનું પાત્ર.

બોલવા ચાલવાની મીઠાશને તથા તે પ્રમાણે વર્તવાની વર્ત-ણુંકને નમ્રતા કહે છે. એ ગુણ હરેક માણુસને ઉત્તમ સ્થાને બેસાડે છે. નરમાશ છે તેજ મોહિણી છે. તે સઘળાં માણુસોને વશ કરી તેમનો પ્યાર મેળવે છે. જેનામાં આ ગુણ નથી તેની બધા લોકોમાં અપકીર્ત્તિ થાયછે. ઘણું લવલવ કરનાર માણુસને લોક "કૂતરા"ની ઉપમા આપે છે. અને અભિમાની શબ્દ બોલનારને લોકો "લાલ સાહેબ." વગેરે બોલ લાગુ પાડે છે, ને અંતઃકરણથી તેને કોઇ ચહાતું નથી. માટે જેમ જેમ તમે નમ્રતા વાપરતા જશો, તેમ તેમ તમારી આબરૂ વધતી જશે. સર્વ માણુસો તમને વધારે ચહાશે ને માયા દેખાડશે. હરેક કામ નરમાશથી પાર પડે છે, કોઇ પણ જાતની વિદ્યા કળા નરમાશ સિવાય મળતી નથી.

નરમાશથી જ માણુસનું ઉંચું નીચું કૂળ જણાઇ આવે છે, કારણુ કુળવાનને હાથે કંઇ કમળ હોતું નથી, તેમ કુપાત્રને માથે કંઇ શીંગડાંની નીશાની હોતી નથી. જેથી સૌ સૌના વાક્ય ઉપરથી તેનું પાત્ર જણાઇ આવે છે, માટે કદી હલકાઇના બોલ બોલશો નહિ. સર્વને માનપૂર્વક બોલાવવા. જેનામાં આ ગુણુ ન હોય તેનાથી લટક સલામ રાખવી. પરમેશ્વરે ભાગ્યશાળી પુરૂષોને જ આ ગુણુ આપેલો છે, તેણે તો સઘળા પદાર્થોમાં નરમાશ આપેલી છે. જેમાં વધારે નરમાશ છે, તે

વધારે વખત સુધી ટકી શકે છે. ને જેનામાં અકડાશ હોયછે, તેનો આયુષ્ય ટુંકો હોય છે; એટલે તે ઝાઝું ટકી શકતું નથી. નેતરની સોટીને વાળીએ તેમ વળે છે, તો તેનો આયુષ્ય વધારે છે, અને તે વધારે માન પામે છે, એટલે શેઠ શાહુકારોના હાથમાં બિરાજી રહે છે; પણ આવળની સોટીમાં તેવો ગુણ નથી તો તેને કોઇએ સંઘરતું નથી. તેમ તમારે વધારે પ્રખ્યાતિ મેળવી આબરૂદાર બનવું હોય, તો નમ્રતાને સદા સંઘરી રાખો.

જેનામાં આ ગુણ નથી હોતો તેનામાં ક્રોધી (તમો) ગુણ વધારે હોય છે. એથી તે હરેક કામમાં ને હરેક વખતે જેનો તેની સાથે ચડભડી પડે છે. ઘણી વખત ક્રોધને આધીન થઇ સાહસ કર્મ કરી નાખે છે, અને પછી ઘણો પસ્તાવો કરે છે. વાંચો પેલા બ્રાહ્મણીના તથા અપકાર પર ઉપકાર કરનારની વાત × તે તેવો ક્રોધી માણસ જેનું તેનું સહજમાં અપમાન કરી નાખે છે, છતાં મૂર્ખ માણસ સમજતો નથી, કે બોલેલું મોંઢામાં પાછું પેસવાનું નથી, પણ સામા માણસના મનપર કુવચનનો ઘા વાગશે તે મટશે નહિ. માટે જીભને બરાબર સાચવવી. +



× છત્રીસ પાઠ. ૨૧-૧૧૭ વાંચો. +પાંચમાનો પાઠ ૩૫ વાંચો.

પાઠ ૨૦ સભ્યતા રાખવી.

સુગંધ આપે સભ્યતા, જેમાં તેનો વાસ;
નહિ તો જંગલી જાણ કે, જીવ વિનાની લાસ.

હરેક માણસ સાથે મિઠાશથી બોલવું, તે સાથે આપણા સમાગમમાં તેમને સુખશાંતિ થાય, એવી વર્તણુક રાખવી તેને સભ્યતા કહે છે. જેનામાં આ ગુણ નથી, તેને લોક "અવિવેકી" કહે છે. માટે જેની સાથે જેવું બોલવું ઘટે, તેની સાથે તેવું બોલવું. અદબ (મર્યાદા) મૂકીને કોઇની સાથે વાતચિત કરવી નહિ. સામા માણસને આપણે જેવાં માન તથા આવકાર આપીએ, તેવાં તેઓ આપણને આપે છે. ઉમરમાં જે મોટા હોય તે સઘળાને મુરબ્બી જ ગણવા, કેમકે આપણા કરતાં તેમને અનુભવ વધારે હોય છે. અજાણ્યા માણસની પિછાન પડે નહિ, ત્યાં સુધી આપણી લાયકી પ્રમાણે તેને માન આપવું. કારણ "સારા તો છલકાય નહિ." એ કહેવત પ્રમાણે આબરૂદાર માણસો બહારથી ભભકો રાખતા નથી. માટે સાબરી + ની પેઠે, પગનો તિરસ્કાર ને શીંગડાંનાં વખાણ ન થાય, એ ઉપર કાળજી રાખવી. ને પેલી તેર વરસની છોડીનો ગુણ હૈયામાં રાખવો. ×


આપણાથી જેઓ મોટા હોય, તેમને અગર માબાપ, મહેતાજી, શેઠ, વાલી. સગાવહાલા, ગુરૂ, વગેરે હરેક મોટા માણસને દેખીને, મહેરબાન, સાહેબ મહેરબાન, વગેરે ઘટે તેમ બોલી સલામતી આપવી, ઉંચા આસને તેમને બેસાડવા. તેમ-

+ ચોથીનો પાઠ ૧૦૫ × ચોથીનો પાઠ. ૮૧ થી ૮૫ સુધી વાંચો.

ની જોડે કે સરખે આસને કદી બેસવું નહિ. છુટા પડતાં રજા માગીને જવું. આપણા મુકામે આવે ત્યારે બે હાથ જોડી પ્રણામ કરી આસન આપવું. "આજે સેવકનું ઘર પાવન કર્યું," "સેવક સરખું કામકાજ ફરમાવશો." વગેરે મીઠાશ ભરેલાં વચનોથી તેમને પ્રસન્ન કરવા, ને પોતાના ગજા પ્રમાણે પાન સોપારી રજુ કરવી. વખતે આપણા સારા ગુણને લીધે તેઓ આપણાં વખાણ કરે, તો તેથી ફૂલાઇ જવું નહિ. પણ "આપના પ્રતાપે." એવાં મધુર વાકયોથી તેમને આનંદ આપવો.

પોતાના ઘરમાં જો નોકર ચાકર હોય, તો તેમની સાથે પણ માયા મમતા ને સભ્યતાથી વર્તવું. પણ હદથી જાદે હળી જવું નહિ. તેમ પોતાના ઘરની ગુપ્ત વાત તેમના આગળ કદીએ કરવી નહિ. કેમકે વખતે તેથી આપતિમાં આવવું પડે છે.

બોલવા ચાલવામાં સભ્યતા રાખવી, એટલું જ નહિ પણ લખવામાંએ બહુ વિચાર કરવાનો છે. માટે તે સઘળો વિવેક શિક્ષક પાસેથી શીખી લેવો.



પાઠ ૨૨ મો ક્ષમાનું ખડ્ગ પકડવું.

ખડ્ગ ધરો ક્ષમા તણું, ઉદાર થઇને આપ;
મુક્તિ આપે પ્રેમથી, પ્યારો જગનો બાપ.

પાપમાંથી મુક્ત થવા માટે આપણે પરમેશ્વર પાસે માફી માગીએ છીએ, કે હે પ્રભુ, મારા અપરાધ માફ કર. પણ કોઇના અપરાધ આપણે માફ કર્યા નહિ હોય, તો આપણા અપરાધ પરમેશ્વર શી રીતે માફ કરશે ? તેનો વિચાર કરી ઉ-મેદ્યાં બનતા સુધી સર્વેના અપરાધ માફ કરવા.

ક્ષમાથી માણસની વડાઇ વધે છે; તેથી પરમેશ્વર રાજી રહે છે. “શાના વાડલાની,” તથા “ખુંધો છોડીની” વાત વાંચો. × તેમણે કેવા ગુના માફ કરી ઉલટા ઉપકાર કર્યા છે, કે જેનાં નામ આપણે હજુ સંભારીએ છીએ.

કોઇએ અજાણતાં નુકસાન કર્યું હોય, તે માફ કરવું એ તો સ્વભાવિક જ છે. પણ કોઇ માણસ જાણી જોઇને તમારો બગાડ કરે, તોએ તમારે તેનો ગુનો માફ કરવો જોઇએ. જુઓ રાજારામની વાડી મોરારે જાણી બુઝીને ભાગી હતી,+ તે માફ કરવું રાજારામને ઘણું અઘરૂં લાગેલું; તો પણ ક્ષમાથી પરમેશ્વર રાજી રહે છે,” એ નીતિ પ્રમાણે રાજારામે મોરારને માફ કર્યું, ને સામો સુખડની પેઠે તેનાપર ઉપકાર કર્યો. એવા સ્વભાવથી તેની નાનપણમાં પૂરી પ્રતિષ્ઠા બંધાઈ. વળી

× ચોથીનો પાઠ ૨૫૮ મો. પાંચમીના પાઠ ૧૧૭ થી ૧૧૬ વાંચો.

+ પાંચમીના પાઠ ૧૨૪—૧૨૮ વાંચો.

અપકાર ઉપર ઉપકાર કરનારની વાત પણ સંભારો. *

નુકસાન જોઇને કોઈ દિવસ ક્રોધને આધીન ન થવું, પણ મનને શાંતિ આપીને વિચારવું કે જે થનાર હતું તે થઇ ગયું, હવે તેનું સાટું વાળે આપણું નુકસાન સુધરે તેમ નથી જુઓ વગર કારણે કૂતરૂં ઓચિંતું આપણને બચકું ભરે, તો તેનું સાટું વાળવા આપણે કૂતરાને બચકું ભરીએ, કે મારીએ, તો તેથી આપણને મટવાનું નથી, પણ આપણે તો કૂતરાના જેવા જ ગણાઇશું માટે સાટું ન વાળતાં શાંત થઇને થએલા નુકસાનના ઉપાય શોધવા. જાણી જોઇને નુકસાન કરનાર પર પણ ક્રોધ ન લાવતાં તેને અજ્ઞાન ધારવો, કે તે એની મેળે પસ્તાય. એક બે વખત એમ માફ કર્યા છતાં તે સુધરે નહિ, તો તેને ઘટતી શિક્ષા કરવા કે કરાવવાને હરકત નથી. આપણે તો આપણા ધર્મ પ્રમાણે ક્ષમારૂપી ખડ્ગને જરાએ વેગળું મૂકવું નહિ, તે શત્રુના ક્રોધને તુર્ત કાપી નાખે છે.



* છઠ્ઠીનો પાઠ. ૧૧૭ વાંચો.

પાઠ ૨૨ કૃતજ્ઞતા સાચવવી.

પાણી પાઇ ઉછેરીએ, બદલો વાળે ઝાડ;
ગધ્ધું ખાશે ખેત તે, પુણ્ય નહિ કે પા'ડ.

આપણા ઉપર કોઇએ ઉપકાર કર્યો હોય, તે વાળવાની આપણા મનની જે ધારણા હોય છે, તેને કૃતજ્ઞતા કહે છે. જેનામાં આ ગુણ ન હોય, તેને કૃતઘ્ની કે હરામી માણસ કહે છે. એવા હરામખોર માણસને કોઇ ચહાતું નથી, તેના ઉપર કોઇને દયા આવતી નથી, નજીકનાં સગાંવહાલાંએ તેનાં વેરી થઇ બેસે છે; તે બધાનું કારણ એજ છે કે તે કોઇનો ગુણ મનમાં લાવતો નથી.


બીજાની આપત્તિ વખતે તેનું તમે કામ કર્યું હોય, તેજ માણસ તમારા પગ તાકે કે (તમને અડચણ વખતે) મદદ ન કરે, ને ખુશીથી ટગર ટગર જોઇ રહે, તો તે માણસ તમને કેટલો હરામી ને દુષ્ટ લાગશે? તે પ્રમાણે આપણે કોઇનો ગુણ વીસારીએ, તો આપણે પણ સામાને તેવા દુષ્ટ જણાઇએ કે નહિ? ધન્ય છે પેલા ચાકરને, કે જેણે પોતાનો જીવ ખુશીથી આપી, પોતાના શેઠનો જીવ બચાવ્યો હતો.+ તે પ્રમાણે તમે પણ નીમકહલાલી બનો.

જાનવર સરખાંએ ઉપકારને માથા વીસરતાં નથી. પેલા કૂતરાએ અને ઘોડાએ પરગજુ છોકરાનો કેવો ગુણુ વાળ્યો હતો!× તેમજ સિંહ સરખા ઘાતકી પ્રાણીએ, પોતાના પગનો કાંટો કાઢનારને ભાઇબંધ ગણી, તેનો કેવો જીવ બચાવ્યો હ-

+ ચોથીનો પાઠ ૧૪૯ વાંચો. × ચોથીના પાઠ ૧૪થી ૧૭ સુધી વાંચો.

તો ? * વળી કીડીને કબૂતરની વાત વાંચીને પણ વિચાર કરો ÷, કે મૂગાં ને કમ અક્કલનાં પ્રાણી ગુણ વીસરતાં નથી, પણ વખત આવે બદલો વાળવાને ચૂકતાં નથી; છતાં આપણે માણુસ જાત (સમજુ થઇને) ગુણ વીસરીએ, તો પશુ પક્ષી કરતાં પણ હલકા ગણાઇએ. અને ઉપકારી માણુસના ને પરમેશ્વરના ઘણા અપરાધી ઠરીએ.

હરામી માણુસ, માણુસના કરેલા ગુણ ભૂલી જાય છે, તેની તો ઝાઝી હરકત નથી, પણ પરમેશ્વરના કરેલા ગુપ્ત ઉપકાર તેના મનમાં આવશે નહિ, તેથી તેના ગુણ ગાવાને બદલે ઉલટો તેને દુઃખકારક ગણશે. આથી તે નર્કનો અધિકારી થાય તેમાં શી નવાઇ ? માટે નાનપણથી જ આ ગુણની સોબત રાખવી, ને બીજાથી થએલા ઉપકાર મનમાં રાખી, લાગ મળે ત્યારે બદલો વાળવાને ચૂકવું નહિ, તેમ થવાને ન બની શકે તેમ જણાતું હોય, તો તેના ગુણ મનમાં લઈ પરમેશ્વર તેમનું ભલું કરે, એવી આશિષ આપવી. આ સદ્ગુણથી પરમેશ્વરના ગુપ્ત ગુણ પણ મનમાં આવશે, ને તેની ભક્તિ કરવાનું બની શકશે.



* ચોથીનો પાઠ ૧૫૦ થી ૧૫૨ વાંચો.

÷ ત્રીજીના પાઠ ૪૮–૭૮–૭૫–૮૪–૮૫ વાંચો.

પાઠ ૨૩ પરમાર્થી થવું.

પરમારથ પ્યારો કરો, તો રીઝે જગરાય;
અતિશે વાધે આબરૂ, સુંદર શોભે કાય.

તન મન કે ધનથી આપણી શક્તિ પ્રમાણે બીજાનું સારૂં થાય એમ કરવું તેનું નામ પરમાર્થ છે. આપણને આપેલાં બુદ્ધિ, ધન ને તનનો હિસાબ પરમેશ્વર પોતાની પાસે રાખે છે, એટલે એવી આપેલી બક્ષીસનો શો ઉપયોગ કર્યો, તે સર્વ શક્તિમાન પ્રભુ નોંધી રાખે છે. ને આપણે ખાતે જમા ઉધાર કરે છે. માટે આજથી હરેક ઠેકાણે ને હરેક વખતે પરોપકાર તરફ નજર રાખવી સામો બદલો લેવાની કે માન વધારવાની ધારણા હૈયામાં બીલકુલ રાખવી નહિ. નહિ તો કરેલો ઉપકાર પાણીના રેલાના માફક તણાઇ જશે. તેનો બદલો તો આપણને દીન દયાળ પ્રભુ આપત્તિ વખતે આપનાર છે. તેને માટે પરગજુ છોકરાની વાતથી વાકેફ થાઓ. × ને માણસના બદલાની જૂઠી માયા છોડી દેવી, જુઓ મોહનની મોટાઇ +

કેટલાક ખરાબ માણસો તો પોતાના મનથી કે તનથી પણ પરોપકાર કરી શકતા નથી, તો તેવા પામર પ્રાણીઓ પોતાની પાસેના ધનનો શી રીતે પરમાર્થમા ઉપયોગ કરશે ! તેઓ તો પૈસાને જ પરમેશ્વર ગણે છે. આખરે તેઓ આ સંસારમાં " મખ્ખીચૂસ. " એ નામથી પ્રખ્યાત થઇ દુનિયામાં "તેના હાથે જમ બેઠા છે " વગેરે બોલોથી ફજેત થવાના.

કેટલાક માણસો પોતાના વગીલા માણસોપર ઉપકાર કરી,

× ચોથીના પાઠ. ૧૪ થી ૧૭ સુધી વાંચો. + ચોથીનો પાઠ ૧૧૦ વાંચો.

તેમાં જ પુણ્ય સમજે છે, પણ ભરતામાં ભરવું એ વખાણવા લાયક પુણ્ય દાન કે પરોપકાર કહેવાય નહિ. તેવો માણસ કંજૂસ કરતાં તો ઉત્તમ છે. પરોપકારના કામમાં નાત, જાત, ધર્મ ને પહેલાં જોતાં પછી તેથી જો પરમેશ્વરે વધારે પૈસા આપ્યા હોય, તો તે નિરાશ્રિત માણસો કે જેમનાથી ધંધો રોજગાર થઈ શકતો નથી, તેવામાં કે સાર્વજનિક + કામમાં વાપરવો, ને પછી ખરૂં પુણ્ય કર્યું, એમ સમજવું. એમ કરવાથી જ આપણને મળેલા લક્ષ્મીનો હિસાબ પરમેશ્વરને અપાશે, કીર્તિ કે નામની લાલચ મનમાં રાખવી નહિ.

જગતમાં જે જે પદાર્થ કે પ્રાણીઓ રહેલાં છે, તે સઘળાં માણસના ઉપયોગ માટે પરમેશ્વરે બનાવેલાં છે, એટલે તેઓ આપણા ઉપર ઉપકાર કરે છે. એ ઉપરથી હૈયું ખોળીશું તો જણાશે, કે તે સઘળાં આપણા ઉપર ઉપકાર કરે છે, ત્યારે આપણે પણ બની શકે તેટલો હર હમેશ પરમાર્થ કરવો જ જોઇએ. અને જો નહિ કરીએ, તો આ દેહ તથા સંપત્તિના ઉપયોગનો શો જવાબ દઇશું? ફરી ફરી આ'વો લ્હાવો મળશે નહિ, માટે જન્મ સફળ કરો.



+ તળાવ, કૂવા, વાવો, નિશાળો, સદાવ્રત, ધર્મશાળાઓ, વિશ્રામઠામ, પરબો, બેઠકો, વગેરે કામો સાર્વજનિક ગણાય છે. * નીચ ગતિમાં.

પાઠ ૨૪ પ્રાણીઓને દુઃખ દેવું નહિ.

પ્રાણી પાળો પ્રેમથી, નો તેને દ્યો સુખ;
હોય ઘણો જે ઘાતકી, મૂંગાંને દે દુઃખ.

માણસ ઉપર જ દયા રાખવી એટલું જ નહિ પણ જેવો માણસનો જીવ છે, તેવો આમથી તેમ ફરનારા સરવે પ્રાણીઓમાં છે. કીડી, માણસ, ને હાથી સર્વેમાં જીવ તો સરખો જ છે. આપણા શરીરના કોઇ ભાગને મારવાથી, કાપવાથી, પછાડવાથી કે હરેક અડચણ આપવાથી આપણને જેટલી પીડા થાયછે, તે પ્રમાણે બધાં પ્રાણીને થાયછે. માટે કોઇ પણ પ્રાણીને આપણા કામથી કે વર્તણુકથીએ + દુઃખ આવવા દેવું નહિ, ને સઘળાં ઉપર દયા તથા પ્રેમ રાખવો +

માણસ તો પોતાનું દુઃખ બીજાને જણાવીને, કે કરગરીને કે ગમે તે પ્રકારે બને તેટલું ઓછું કરી શકે છે. પણ બીજાં પ્રાણી તો બાપડાં મૂગાં ને બુદ્ધિ વગરનાં છે, તેથી તેઓ પોતાનું દુઃખ આંતરડી બાળીને જ સહન કરે છે. તેટલા માટે માણસના કરતાં મૂગાં પ્રાણી પરમેશ્વરને બહુ વહાલાં ને માનીતાં હશે જ. કેમકે મૂગાં ને કાચી બુદ્ધિનાં છોકરાં ઉપર માબાપની વધારે દેખરેખ તથા રહેમીયત હોય છે, તે પ્રમાણે મૂગાં પ્રાણી પણ ઇશ્વરને બહુ વહાલાં છે. તેવાં પ્યારાં પ્રાણીને આપણે દુઃખ દઇએ, તો પરમેશ્વર આપણને કેમ શિક્ષા નહિ આપે ? માટે કદી પણ કોઇ પ્રાણીને દુઃખ પાડવું નહિ.

કેટલીક જાતનાં પ્રાણી જેવાં કે બળદ, ઘોડા, ઉંટ વગેરેને

+ બીજીનો પાઠ. ૧૫ તથા ચોથીનો પાઠ ૬૩–૬૪ ને છઠ્ઠીનો પાઠ ૨૧ વાંચો.

તો આપણાં ચાકર બનાવ્યાં છે. જેમની વખતો વખતની ચાકરીથી આપણને એટલી દયા આવે છે કે કંઇ સીમા નહિ. વળી ગાયો, ભેંસો, બકરીઓ, વગેરે પોતાની માતાના જેવું દૂધ, આખી જીંદગી સુધી પૂરે છે, છતાં તેવા પ્રાણીની બરદાશ નરાખતાં ઉલટી તેમની આંતરડી બાળીએ તો તેમનો કેટલો નિસાસો લાગે? માટે તેવાં પ્રાણીની ખાવા પીવાની, તથા મહેનતની બરાબર સંભાળ રાખવી.

કેટલાક દયાળુ પુરૂષો તો પગ તળે કીડી સરખીએ ન આવે એવી કાળજી રાખીને હીંડે છે. ઝાડમાં પણ જીવ છે, એવું સમજીને જરૂરી કામ સિવાય તેનું પાંદડું કે ડાંખળી સરખી કાપતા નથી, * માટે તમે પણ ખરા અંતઃકરણથી સઘળાં પ્રાણીપર દયાભાવ રાખો. દયા છે એજ ધર્મનું મૂળ છે, એમ નક્કી ધારો.



* પ્રથમના વખતમાં ઝાડને કાપવાનો ગુનો ગણી તેને શિક્ષા કરતા, જેથી દેશમાં ઝાડી પુષ્કળ હતી, અને તેથી દુષ્કાળની આપત્તિઓ જવલ્લે પડતી. કારણ વનસ્પતિ સાથે વરસાદને ઘણો ઘાડો સંબંધ જોડેલો છે; માટે દેશોન્નતિ ચહાનારાઓએ દેશમાં જેમ ઝાડ પાનનો વધારો થાય તેવા ઉપાય કરવા. તમારે પણ પોતાની જીંદગીના સંભારણા માટે થોડાં ઘણાં ઝાડનો વધારો કરવો, કે કરાવવો.

પાઠ ૨૫ ખોદે તે પડે.


ખાડો ખોદે તે પડે, ભૂલ નથી જ લગાર;
ચાર ચોર+ આપે મૂઆ, લીધો હજામે× માર.

સૌનું સારૂં તાકવું કોઇના ભૂંડામાં રાજી રહેવું નહિ. બીજાનું ભૂંડું તાકવાથી પરમેશ્વર આપણું જ ભૂંડું કરે છે. તે તો ચાર ચોરની તથા હજામની વાત વાંચવાથી ધ્યાનમાં આવશે. કેટલાક મૂર્ખને અદેખા માણસો બીજાની સરસાઇ કે વૈભવ દેખીને બળી મરે છે, તેથી ઘરનું ખાઇને તેમની નિંદા તથા ખોદણી ખોદી પાપના પોટલા વહોરી લે છે, પણ વિચારતા નથી કે બીજાનું ખોટું થવું આપણા હાથમાં નથી, તેમ બીજાનું ખોટું થયે આપણા હાથમાં કંઇ આવવાનું નથી. વાઘને દેખીને કૂતરાં ઘણાંએ ભસે છે, પણ વાઘ તેમનાથી ડરવાનો નથી તે તો મનમાં સમજે છે કે એ સઘળાં મારો ભક્ષ છે. તેમ સારો નિષ્પાપી માણસ તેવા મૂર્ખ લોકોની નિંદાથી ડરવાનો નથી. તે તો પરમેશ્વર પ્રીતે સરવેનું સારૂં તાકે છે, તેથી પરમેશ્વર તેનું સારૂં જ કરે છે. સંસારની ઘટમાળ પ્રમાણે સારૂં નરસું હરેક માણસનું થયે જ જાય છે. તે પ્રમાણે સારા માણસનું જ્યારે નુકસાન થાયછે, ત્યારે અદેખો માણસ મનમાં બહુ ખુશ થાયછે. આથી લોકો તેના ઉપર આળ મૂકે છે, કે તેણે કાંઇ કર્યું હશે. એથી અદેખા માણસને "મેંશના ચાંદલા" સિવાય બીજું કાંઇ મળતું નથી. માટે ભાઇઓ, આપણે પેલા બીડના કૂતરા* જેવો અદેખો સ્વભાવ રાખવો નહિ.

+ ચોથીનો પાઠ ૩૦ વાંચો × પાંચમી ચોપડીનો પાઠ ૧૪૫ વાંચો * ચોથી ચોપડીનો પાઠ. ૭૫ વાંચો.

સારૂં કરતાં વાર લાગશે, પણ નઠારૂં કરતાં શી વાર! સ્નેહ બાંધતાં વાર લાગશે, પણ લડાઈ ટંટા કરતાં શી વાર! ઘર બાંધતાં વાર, પણ તેને તોડતાં કે બાળતાં શી વાર!

આપણું સારૂં થવા માટે આપણે જેવા ઉપાય કરીએ છીએ, તેમ સર્વે માણસો પોતાનું સારૂં કરવાના ઉપાય કરે છેજ. આપણું સારૂં જેવું આપણને વહાલું છે, તેવું જ સઘળાંને પોત પોતાનું વહાલું છે. આપણું બગડવાથી આપણને જેવું દુઃખ થાયછે, તેવું જ બીજાઓને પણ થાયછે. માટે "વેરીનુંએ સારૂં તાકવું." આપણું ભૂંડું તાકે તેનુંએ ભલું તાકવું. જેનું ફળ આપણને પરમેશ્વર આપશે. પાડોશીને છત હોય તો કોઇક વખત ખપમાં આવે. પણ પાડોશીજ આપણા કરતાં રાંક હોય તો શી આશા રાખવી? માટે આપણું વખતે સારૂં ન થાય, ને બીજાનું સારૂં થાય, તોએ ઇશ્વરની ગહન ગતિ છે, એમ માની સદા આનંદી રહેવું ને ધારવું, કે ભલા તેની પાસે હશે તો કોઇક વખત ખપમાં આવશે.



પાઠ ૨૬ સંતોષ રાખવો.

સુખનું મૂળ સંતોષ છે, લોભે જાશે માન;
ટકા તણા લોભે ગયો, બ્રાહ્મણ કેરો જાન.+

"જેવું કરીએ તેવું પામીએ" આપણે જેવાં કર્મ કર્યાં હશે, તેની યોગ્યતા પ્રમાણે પરમેશ્વરે આપણને આપેલું છે. તેમાં વધારો ઘટાડો થવો, તે આપણાં કર્મ અને પરમેશ્વરની મહેરબાની ઉપર આધાર રાખે છે. આપણા ઉદ્યોગમાંથી જે ફળ મળે તે પરમેશ્વરે જ આપેલું છે, એમ ધારી સંતોષ માનવો. જુઓ મોટા લોકો કરોડો રૂપીઆની સાહેબી ભોગવેછે, ને મજૂર બિચારો આખો જન્મારો મજૂરી કરીને થાકે છે, પણ પોતાના કુટુંબનું મુસ્કેલીથી પોષણ કરે છે. હવે મજૂર સંતોષથી પોતાનું મન કબજે નહિ રાખે, તો શું તેને શાહુકારનાં નાણાં મળશે ? કદી નહિ. તેથી તો ઉલટું ચિંતા રૂપી શૂળ ઉત્પન્ન થશે. ને હજારો તર્ક વિતર્ક પેદા થશે, જેથી ચોરી, જૂઠાણું, લોભ, પ્રપંચ વગેરે દુર્ગુણો તેને વળગશે. તેથી પૈસાદાર થવાને બદલે ઉલટો ભીખ માગતો થશે.

"આશા અમર છે." મરવા બેઠેલાની પણ આશા મટતી નથી. આશાથી જ સર્વે સારાં કામ થાયછે. માટે સંતોષ રાખવો એટલે આશા છોડવી એમ નથી, પણ તેને એટલી લંબાવવી નહિ કે તેને લીધે આપણે અનીતિએ ચાલી શકીએ લોભથી ઘણાં કુકર્મ થાયછે. એકાદ વખત પ્રપંચથી સુખ, કે બે પૈસા મળ્યા કે ફરી ફરી તેવા કામમાં માણસનું મન દોડે છે, અને તેથી પરિણામે લોભ તેને વળગી પડે છે. માટે લો-

+ ચોથીના પાઠ. ૧૫૪-૧૫૫.

જનાં તો આવતાં પગલાં જ ટાળવાં. ને સંતોષ હૈયા-
માં રાખવો.

લોભીઆ માણસને પોતાના કર્મનું ફળ મળે છે, તોએ
જીવ જતાં સુધીના ઉપાય તે કરી શકે છે, પણ ડરતો નથી.
જુઓ ત્રણ પૈસાના નાળિયેર માટે બ્રહ્મણે પોતાનો જીવ ખો-
યો. ચાર ચોર લોભથી મૂઆ. કૂતરો લોભથી બીજાનો રોટલો
લેવા ગયો, તો તેણે પોતાની પસેનો જ ખોયો. * માટે આપ-
ણી મહેનતમાંથી પરમેશ્વર જે આપે તે ઉપર સંતોષ માનવો.
વધારે જોઇએ, તો મહેનત કરી મેળવવું. તેમ કરતાં એ સં-
તોષ ન વળે, તો આપણાથી ગરીબ માણસો અને પશુ પક્ષ્યા
દિક પ્રાણીઓની સહનશીલતા મનમાં લાવવી. ને વિચારવું કે
તેઓ કેટલાં દુઃખ વેઠીને પણ આનંદી (સંતોષી) રહે છે,
ને આપણને વધારે આપેલું છે. છતાં લોભ કરીએ, તો પે-
લા બ્રાહ્મણની પેઠે જીવ ખોવા વખત આવે એમાં શી નવાઈ



* ચોથાનો પાઠ. ૧૩૬.

પાઠ ૨૭ શરીરનું સંરક્ષણ કરવું.*

નશીબ વાળો એજ કે, જેનું શુદ્ધ શરીર;
હોય લખપતિ રોગીઓ, ધનને ગણે કથીર.

"પહેલું સુખ તે જાતે નર્યા." એ કહેવત વખતો વખત યાદ રાખવી. ગમે તેવો પૈસાદાર કે રાજકુંવર હોય પણ જો તેનું શરીર સરૂં નહિ હોય, તો તેની તમામ સાહેબી દુઃખકારક થઇ પડશે. મતલબ કે સઘળા વૈભવ પોતાની નજરે પડતા છતાં ભોગવાશે નહિ, તેથી તે તેના શત્રુ થઇ પડશે. માટે તમે પણ તમારૂં શરીર આરોગ્ય અને મજબૂત થાય, તે ઉપર નાનપણથી જ વિશેષ કાળજી રાખો, કે આગળ મોટા થયે પણ સુખીઆ રહેશો.

પ્રાણી તથા વનસ્પતિ પવન વિના ઘડી પણ જીવી શકે નહિ. તેટલા માટે પરમેશ્વરે પવન સર્વત્ર ભરી રાખ્યો છે. ચોક્ખો પવન જેમ ફાયદો કરે છે, તેમ નઠારો ને દુર્ગંધી પવન નુકસાન કરે છે. માટે હરેક વખતે શુદ્ધ પવનમાં રહેવું. અને પોતાના મુકામની આજુબાજુ સ્વચ્છતા રાખવી, ને બનતા સુધી સુગંધી છોડ મુકામ પાસે વાવવા. વળી જ્યાં જઇએ, ત્યાં દુર્ગંધી તથા શરદીથી દૂર રહેવું.

પવનથી ઉતરતો ખોરાક પાણી છે. એટલે નઠારો દુર્ગંધી પવન લેવાથી જેમ તરત મગજ ચઢે છે, કે પ્રસંગે તે જીવ લે

---

* ઉછરતા જુવાનીઆઓને બાળલગ્ન અને કુસંગ શરીરને ક્ષીણ કરે છે, તેવો બીજો કોઇ શત્રુ આ દેહને નુકસાન કરતા નથી. ખરી જુવાની અઢાર વર્ષ પછી આવે છે.

છે, તેમ નઠારૂં પાણી પીવાથી કે ખાવામાં વાપરવાથી થોડા કલાકમાં અવગુણ કરે છે. એટલે ખોરાકમાં પહેલે નંબરે પવન છે, તેમ બીજે નંબરે પાણી છે. માટે તે પણ ચોકખું ને માફક આવે તેવું પીવું; તથા હમેશાં તાજું ને ગળેલું પીવું. કહોવાણ વાળું કે વાસ મારતું પાણી પીવા કરતાં તૃસ્યા વેઠવી સારી.

ખોરાકમાં ત્રીજે નંબરે ખાવાના પદાર્થો છે. માટે ખાવાના પદાર્થો હમેશાં તાજા ને પકવેલા ખાવા. ભાવે તેવું ને તેટલું ખાવું નહિ, પણ શરીરને માફક આવે તેવું ને તેટલું ખાવું. ઉતરેલું, કટાએલું, ખોરૂં કે વાસ મારતું કદી ખાવું નહિ, તેમ કાચાં ફળ પણ પચે તેટલાં જ ખાવાં, અથવા સમૂળગાં ન ખાવાં.

શરીરને આરોગ્ય રાખવા માટે કસરત પણ ઉપયોગી છે. મહેનતુ લોકોને પોતાના ધંધામાં હમેશાં કસરત મળે છે જ. પણ જેને મહેનત કરવાની નથી, તેવા સુખીઆ લોકોએ પોતાનો ખોરાક પચાવવા જેટલી હમેશાં કસરત કરવી. પરસેવો વળ્યા સિવાય ખોરાક પચતો નથી એ યાદ રાખવું. જમીને કદી સૂઈ રહેવું નહિ, પણ સો દોઢસો ડગલાં ચાલીને પછી કંઈ ધંધો કરી સૂઈ જવું. હાલમાં તમારે રમતો કસરતો વગેરેથી શરીર તાજું રાખવું. છીંક, પેશાબ, ઝાડો, બગાસું ને વાછૂટ કદી રોકવાં નહિ, કેમકે તેથી શરીર બગડે છે. મંદવાડ વખતે ઘણી સાવચેતી રાખવી. ઘણો ઉજાગરો વેઠવો નહિ. તેમ હદથી જાદે મહેનત કરવી નહિ.



પાઠ ૨૮ આપ વડાઇ કરવી નહિ.


વડાઈ સદ્‌ગુણને વરી, પતિવ્રતા એ બાઇ;
વશ કરશો સદ્‌ગુણ તો, આવે દોડી વડાઇ.

નાદાન માણુસો અને ઉછરતા જુવાનીઆઓ પાસે આપ વડાઇનો દોષ વધારે હોય છે. પોતાને મોટા ગણાવવા માટે ફાવે તેવા હલકાઇના ઉપાય કામે લગાડે છે. પોતાનું રૂપ દેખાડવા અરૂંપરૂં જુએ છે. ફાવે તેવું ને નોખું પડતું ચાવી ચાવીને બોલે છે, કે રાગોટેછે. છાતી કાઢી ડોલતા હીંડે છે. આત્મપ્રશંસા વગર તો બોલાતું જ નથી. નિર્લજી બારીક કપડાં પહેરે છે. બે ટકા પાસે ભેળા થાય કે ભાડાની ગાડીમાં બેશી તેલ અત્તર લગાવી, મૂર્ખ મિત્રોની સાથે છેલ મારવા, કે નાટક કંપની કે નાચ તમાસા જોવા જાય છે. પછી છોને ઘંટીમાં ઓરવાજ ન હોય, તેની દરકાર રાખતા નથી. થોડી વિદ્યા છતાં સારાં સારાં કપડાં તથા બૂટસ્ટાંકીન પહેરી, પોતાના નામને શણગારી, વિદ્વાન કે સદ્‌ગૃહસ્થ દેખાવા સારૂ, ઉંચા આસને બેસવાનો યત્ન કરે છે. પોતાનો ધર્મ સંભારી તે પ્રમાણે વર્તવાને બદલે ભૂલ કાઢનાર પર, તથા સદ્‌ગુણી માણસો પર અદેખાઇ કરે છે; પછી તેમનું નુકસાન કરવાને પણ ચૂકતા નથી. ખુશામતીઆ ને સ્વાર્થી માણસોનાં જૂઠાં વખાણથી ફૂલાઈ જાય છે. વગેરે હલકાઈ વાપરે શું, મોટાઈ આવતી હશે ? ના. તેથી તો ઉલટી તે નાશી જશે. પરમેશ્વરે કદાપિ વિદ્યા, ધન, બળ, રૂપ વગેરે આપ્યાં હોય, તો જાતે દેખાડવા કરતાં સુમાર્ગે તેનો ઉપયોગ કરવાથી એની મેળે વડાઈ વધતી જશે, પછી જોઇતી શોભા રાખવાને કંઈ હરકત નથી. પણ

ઘણાખરાને છાજતું નથી, છતાં હાલના જમાનામાં ઉછરતી પ્રજામાં આ બાબતનો શોખ વધારે જોવામાં આવે છે. જેમની જાળમાં કેટલીક વખત ભોળા માણસો ફસાઇ પણ જાય છે. પણ નાદાન માણસ સમજતો નથી, કે આ સંસારમાં પરમેશ્વરે મને શા માટે મનુષ્ય જન્મ આપી મોકલ્યો છે! તેનો વિચાર કરે તો ઉપરના દોષ બીલકુલ ન રહે.

ઘરડા ને મોટા મનના માણસો હોય છે, તેઓ તો જુવાનીઆઓના ઉપરના દોષો "ગદ્ધાપચીશી"માં ગણી હસી કાઢે છે. અરે ભાઈ, ભણવા તોએ ગદ્ધાપચીશી રહી તેમાં કોને નુકસાન છે? માટે નીચેના બે બોલ યાદ રાખો.

મોટાઈ એ મહા સતી છે, ને તે સદ્‌ગુણને વરેલી છે. માટે જો તમારે મોટાઈની જરૂર હોય, તો તેના સ્વામી સદ્‌ગુણને તાબે કરો, જેથી એ પતિવ્રતા બાઇ પોતાના સ્વામીની પાછળ દોડતી આવશે. સદ્‌ગુણ સિવાય, એ પતિવ્રતા બાઇને મેળવવાના જેમ જેમ ઉપાય કરશો, તેમ તેમ તેનાથી હલકા ને ફજેત થશો. *



* છઠ્ઠી ચોપડીનો પાઠ. ૧૩૮ વાંચો.

પાઠ ૨૯ મિથ્યાભિમાન તજવો.

ઉંચ નીચ નથી કોઇ પણ, સૌને એકજ બાપ;
સમદૃષ્ટિ રાખો સદા, પૂરણ વધે પ્રતાપ.

આપણે સઘળા એકજ પિતાના પુત્રો છીએ, તેમાં કોઇ ઉંચ નીચ નથી, પણ સઘળા ભાઇઓ છીએ, તેમાં જે બીજાને હલકો ગણે છે, તે જાતે જ હલકો છે એમ સમજવું. કારણ "અધુરો ઘડો હોય તોજ છલકાય."

કરણી પ્રમાણે જ પરમેશ્વરે સૌને સુખ દુઃખ તથા ન્યુનાધિકતા આપેલી છે. તેવા પરમેશ્વરના ન્યાયને આપણે તુચ્છકારીએ, તો તેના ગુન્હેગાર થઇએ એમાં શી નવાઇ! એથી છેવટે પેલા આખલા તથા મચ્છરની પેઠે પસ્તાવું પડે, × કારણ ઇશ્વરે આ સંસારનો ખેલ જ એવો રચ્યો છે, કે કેઇ માણસ પોતે પોતાની મેળે ગર્વ તજે. માટે તમોને જે પ્રકારે ઉંચપણું મળેલું છે, તે વધારવાનો અભિમાન રાખવો, પણ તે બીજાને જણાવી આપી, કે હરકત આપી ફૂલાઇ જવું નહિ. ને ઇશ્વરે જે બક્ષીશ કરી છે, તેનો ઉપયોગ આ પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે કરવો.

નાત કુળને મિથ્યાભિમાનથી વિદ્યા કળા અને બળહીણ થઇ, આપણો કૈલાસ જેવો દેશ પરતંત્રતા ભોગવે છે. માટે પ્રિય બંધુઓ તમે મિથ્યાભિમાન તજી, દુબળા ને હલકા ગણાતા માણસની પાસે પણ જે કંઇ વિદ્યા કળા હોય તે શીખી લ્યોને. એમ ગુણ આપ લે કરવાથી, કે એક બીજાને મદદ કરવાથી, ને

× ત્રીજીના પાઠ ૧૭—૧૮ વાંચો.

પ્રેમભાવ રાખવાથી આપણે કંઈ વટલી કે અભડાઇ જતા નથી. જેવા ગુણ હોય તેવો ઉંચ નીચ ધારવો. પછી કાં તો હિંદુસ્થાનમાં ગણાતો બ્રાહ્મણ હો કે નીચ હો. જુઓ આપણા લોકો જ રોહીદાસનો દાખલો આપે છે. * તે સાંભળવાથી ધ્યાનમાં આવશે કે લાખો રૂપીઆ ખરચી સંઘ કાઢનાર વાણીઆ ઉપર કૃપા ન થઇ, તેટલી સેંકડો ગાઉ બેઠેલા રોહીદાસ ચમાર ઉપર થઇ. તેનું કારણ તમે જાતેજ શોધી કાઢો, ને મિથ્યાભિમાન તજી સદ્ગુણને નમી પોતાની પાસે વ્હોરી લ્યો. ગણાતા ઉંચને પરમેશ્વરે કંઇ નિશાની આપી નથી. સરવે એક માળાના મણકા છીએ, એમ સમજી આપણા સહવાસ ને રહેણી કરણીથી, સદ્ગુણી ને નિર્બળ માણસોનાં મન ન દુખાય, તે ઉપર લક્ષ આપવું. જે સારાં કૃત્ય કરશે તેજ સુખી થશે, ને પરમેશ્વરને પ્યારો લાગશે. તેમાં બળ, બુદ્ધિ, વિદ્યા, ધન કે નાત કુળ કંઈ કામમાં આવવાનું નથી.

આથી ઉંચ જ્ઞાતિના માણસોએ પોતાનો ધર્મ છોડવાનો નથી. ધર્મ સાચવવાને જ આ પુસ્તક રચેલું છે. તમારાં ખટ કર્મ બરાબર પાળીને બીજાઓમાં માન પામી ઉંચ ગણાઓ, પણ મિથ્યા ડોળ રાખી નીચ કર્મને ગ્રહી, શાસ્ત્રનાં વાકયોપર પગ મૂકશો નહિ.



* શિક્ષક કે માબાપ પાસેથી કહાવી વાકેફ થવું. તથા નરસિંહ મહેતાની વાતોથી પણ વાકેફ થઇ સદ્ગુણી માણસોને પૂજનીક ગણવા.

પાઠ ૩૦ સારાસાર શોધવું.

સારાસાર સદા તમે, શોધી થાઓ બુદ્ધ;
હંસ પીએ છે પ્યારથી, પાણી તજીને દૂધ.

દૂધમાં પાણી ભેળી હંસની આગળ મૂક્યું હોય, તો તે પાણી પાણી રહેવા દઇ દૂર દૂધ પી જાય છે. શેરડીમાંથી માણસો ગોળ સાકરને ખેંચી કાઢી કૂચાને જૂદા પાડે છે. દૂધ દહીંમાંથી માખણ તારવી, છાશ જૂદી પાડી તેને પણ ઉપયોગમાં લે છે: તેમ તમે પણ હરેક વાત કે વિચારમાંથી ગોળ સાકર કાઢી કૂચા કૂચા પડતા મૂકવાનું શીખો. એટલે હરેક બાબતમાં ફાયદાકારક કેટલું ને નુકસાનકર્ત્તા કેટલું છે, તેનો વિચાર કરી સાકર રૂપી ફાયદાકારક વાત ઝાલી પાડી, નકામી ને નુકસાન કર્ત્તા છોડી દો.

મહાત્મા દત્તાત્રેય સ્વામીએ+ કાગડા, કૂતરા, ગીધ, ગધેડા, વગેરે ચોવીશ જાનવરને ગુરૂ બનાવ્યા હતા. એટલે એ ગુરૂઓને પોતાના અખાડામાં રાખી તેમની સેવા કરી, તેમના ગુણ અવગુણ જોઇને તેમાંથી ગુણને ગ્રાહ્ય કર્યા. જેમ કૂતરામાંથી જાગૃતિ, સહનશીલતા, કૃતજ્ઞતા, વિષયરોધ, વગેરે વગેરે સદ્‌ગુણ પોતાનામાં લીધા; ને અદેખાઇ, ભસવાપણું, વગેરે દુર્ગુણોનો પોતનામાંથી ત્યાગ કર્યો. તેમ તમારી સર્વે ઇંદ્રિયોના ભોગ, વિલાસ, વાચ્છનાઓમાંથી તથા સોબતી માણ-

+ શિક્ષકે વર્ણવી તથા આ પાઠ દાખલા દ્રષ્ટાંતોથી શાણુગારી બાળકોના હૃદયમાં ઠસાવવો, ને તેનું શોધન શોધવાની પદ્ધતિ પાડવી.

સે.માંથી સાર સાર શોધી ગ્રહણ કરો, ને અસારને ઓળખી-ને તજી દ્યો.

સાર અને અસાર એટલે સારૂં અને ખોટું એ ઓળખવાથી જ જ્ઞાની બનાય છે. તેમાં પેલા ફકીરની × પેઠે તપાસ કરવાની ટેવ બહુ ખપમાં આવે છે, જ્યારે એ ટેવ તમારામાં હશે નહિ, તો તમે આ પાઠનો ગુણ શોધવામાં જોઈએ તેવી ફતેહ મેળવશો નહિ. વળી પેલા બે સ્વારની * પેઠે ટૂંક નજર ન રાખતાં હરેક બાબતમાં આગળ ને લાંબી નજર દોડાવતાં શીખો. સંસારમાં નકામી વસ્તુ શોધવા જશો, તો આખી જીંદગી ગુમાવશો પણ જડવાની નથી મતલબ કે એકે વસ્તુ નકામી નથી. માટે સઘળામાંથી બને તેટલા માણસે ગુણ શોધવાના છે.

આ પાઠ પ્રમાણે શોધન કરવાની ટેવ પડવી, એ ઘણું કઠણ કામ છે. માટે ટૂંકામાં એટલું જ કહેવાનું કે માણસનો જીવ જાય છે, તેવા ઝેરને પણ વૈદ્ય લોકો શોધી શોધીને તેની પ્રાણ બચાવનાર વસ્તુ બનાવે છે. તે પ્રમાણે તમો સારાસાર શોધવાની ટેવ પાડો, ને તેનો તપાસ રાખવા માટે શિક્ષકને વિનવતા રહો.



× ફકીરની વાત ચોથીના પાઠ. ૫૪-૫૫ થી ધ્યાનં પ-
૨ ગ્રેડ. * છઠ્ઠીનો પાઠ. ૫૮ વાંચો.

પાઠ ૩૧ પોતે પોતાના ગુરૂ બનવું.

શોધો દીવે દીલડું, શા શા છે અવગુણ;
ચાબક મારી ચિત્તને, સારા ક્યોં સદગુણ.

"પોતે પોતાના ગુરૂ બનવું," એટલે નવા માર્ગ શોધી દેખાડનાર તથા ઉંડા ભેદના બતાવનાર ગુરૂને તજવા એમ નથી. પણ હર વખત તેઓ પાસે હોતા નથી, જેથી "શેઠની શીખામણ ઝાંપા લગી." એ પ્રમાણે થાયછે, તેથી અંદરનો મેલ ધોવાતો નથી, કે પોતાની રહેણી કરણીમાં સુધારો થતો નથી. ત્યારે પોતાના મનને પોતે ઠપકા રૂપી માર મારી સાફ કરતા રહેવું, એવો એમાં ભાવાર્થ રહેલો છે. માણસ જ્યાં સુધી પોતાની ભૂલ પોતે કબૂલ કરે નહિ, ત્યાં સુધી તે સુધરે પણ નહિ, તો જશ કયાંથી મેળવે ?

માટે તમે આ પુસ્તકમાં જણાવેલી તમારી ફરજો હમેશાં યાદ રાખો. આવતા દીવસે શું શું કરવાનુ છે, × એ પહેલી રાતે નક્કી કરો, ને તે પ્રમાણે બીજે દિવસે કામ કરો. પછી સાંજે તેનો તપાસ કરવો, કે ધારેલું કયું કયું કામ મારાથી પાર પડયું છે, અને કયા કામમાં શા કારણથી કેટલી ભૂલ રહી છે? સવારે વહેલા ઉઠી ઇશ્વર સ્મરણ જોઇએ તેટલું કર્યું

× શા શા પાઠ તૈયાર કરવાના છે, પાછલું શું શું વિચારવાનું છે, શેમાં સમજ પડી નથી, ને તે કોની પાસે તૈયાર કરવાનું છે. માબાપે કે શિક્ષકે બતાવેલું શું શું કામ કઇ વખતે કરવાનું છે, પોતાના મિત્રોના અભ્યાસમાં તથા સાધનમાં પોતાને શી શી મદદ કરવાની છે. વગેરે વગેરે.

છે કે નહિ? વળી તે સંબંધમાં કંઇ બે શબ્દ વધારે શીખાયા છે? આ પુસ્તકમાં સુચવેલા ધર્મો પ્રમાણે વર્તવામાં કંઇ કંઇ ચૂકો થઇ છે? વગેરેનું શોધન કરી ઇશ્વર પાસે માફી માગવી, કે હે પ્રભુ મારી ભૂલો માફ કરી તે સુધારવાને તું વહારે ચઢ. મેં તો આજ દીન સુધીમાં આટલી પળ + ગુમાવી છે, તેનો મને ઘણો પસ્તાવો થાયછે, માટે મને બાંહ્યે ઝાલી હવે સુબુદ્ધિ આપ. વગેરે.

પ્રમાદપણે જે જે ભૂલો થઈ હોય, તેની એક નોટબૂકમાં નોંધ લખી રાખવી. અને તે નોટબૂક દશ પંદર દહાડે એકવાર એકાંતે બેશી તપાસી જોવી. તેમાં જે જે ભૂલોનો સુધારો થયેલો ન જણાય, તેનું એક ટાંચણ જૂદા કાગળ ઉપર બનાવી, તે કાગળ પોતાની નજર આગળ ધરવો. ને તે બદલ આ દેહ કેટલી શિક્ષાને પાત્ર થયો છે, તેનો ઇન્સાફ જાતે જ કરવો. પછી મનથી પસ્તાવો કરી પોતાને ઘણો તિરસ્કાર આપવો, કે હે મૂર્ખ, પશુ સરખાં પ્રાણી પણ ધમકાવ્યાથી સમજી જાય છે, ત્યારે શું, તું તેના કરતાં કમ છે? વળી તેં થોડી પળ ગુમાવી છે, કે હજુ જરાએ ડર પામતો નથી? વગેરેથી પસ્તાવો કરી ધીમે ધીમે ચિત્તને પોતાના અંકુશમાં લાવતા જવું. એવી રીતે આ ટેવ કાયમ રાખવાથી ઘણી જ મોટાઇને પામશો.

+ એક વર્ષની ૧૩૧૪૫૦૦ તેર લાખ ચૌદ હજાર ને નવસો પળ જીંદગીમાંથી કમી થાયછે. એ હિસાબે પોતાની ઉમરની કેટલી પળ ગુમાવી, ને તેમાંથી કેટલું માખણ શોધ્યું તેનો સૌએ હિસાબ ગણી રાખવો.

પાઠ ૩૨ મો પરચુરણ બોધ.

શીખ સૂણીને સુધરી, સુધારો સંસાર;
પ્યાર પ્રભુનો મેળવી, ઉતરશો ભવ પાર.

નાનપણથી જ ઉદારતાનો ગુણ ગ્રહી પરમાર્થી થવું, પણ ઉડાઉ બનવું નહિ. ઉડાઉ માણસનો રૂપીઓ, પૈસાનું કામ કરતો નથી; પણ પરમાર્થીનો પૈસો, મહોરનું કામ બજાવે છે.

એશાને સૂઇ જવું, પણ પડતું મૂકવું નહિ. મતલબ કે ઘરનો ખૂણો તપાશો ખર્ચ કરવો. માબાપની પાછળ કે લગન પ્રસંગે પણ જોઇ વિચારી ખર્ચ કરવો. કરજ કરી વરો કરવો નહિ. ૬ / ૧૪૯–૧૫૪.

વિદ્યા, ધન, ને બળનો સંગ્રહ કરવાથી આગળ ઘણા ખપમાં આવે છે, અને સુખી થવાય છે.

કામ પૂરૂં થયા પછી ફળની આશા રાખવી, પણ શેખસલ્લીની પેઠે તુરંગની હવેલી ચણવી નહિ. ૩ / ૪૨.

ઉંદર સરખો પ્રાણી, સિંહનો પ્રાણ બચાવી શકે, ત્યારે માણસનો તિરસ્કાર કેમ કરવો જોઇએ? ૩ / ૭૯–૮૦, ૫ / ૨૨–૨૪

જ્યાં લોભીઆ વસતા હોય છે, ત્યાં ધૂતારા ભૂખે મરતા નથી, પણ તેવા લોકોમાં નીતિમાનને વધારે શોષાવું પડેછે. ૩ / ૮૩–૮૪

ખરૂં કામ કરતા પહેલાં પરિણામનો વિચાર કરવો. ઝાલ્યા પછી અડચણોથી ડરી છોડી દેવું નહિ. ૫ / ૮–૧૦, ૫ / ૧૪૬.

માણસના મોં રૂપી તોપનો અવાજ પાછો ખેંચાતો નથી, માટે વિચારીને ઇજત વધે તેવું, તથા પળે તેટલું, ને અમૃત

વચન બોલવું કે કોઇને ખૂંચે નહિ. પણ ખુશામતીઆ થવું નહિ. ૫/૩૮–૩૯. = પાંચમીના પાઠ ૩૮–૩૯.

વ્યવહારમાં ઘણી ચોખવટ તથા સાવચેતી રાખવાની છે. ૫/૧૨૦–૧૨૧. તે વગર ઘણા ખત્તા પડે છે.

કૃષ્ણાષ્ટકની કવિતા, પાપને નિવારણ કરનારી છે. માટે ખરા પ્રેમથી તે પ્રમાણે પ્રભુનું ભજન કરવું. ૫/૧૨૯.

અકસ્માત વખતે ગભરાવું નહિ, પણ સાવચેતીથી હિમત રાખી તરત તેના ઉપાય કરવા. ૪/૪૭.

સાંભળ્યા કે સમજ્યા વિના, પેલા મીઆંભાઇની પેઠે ગીતાને બદલે ઘેટા લાવવા નહિ. સમજીને કામ કરવું. ૪/૩૬.

મૂઆ પાછળ રોવું કૂટવું એ ઘણું ખોટું છે. હરીનું સ્મરણ સૌથી સારૂં છે.

સરખે સરખાની સભા ભરી તેમાં પોતાની (અહંપદ મૂકી અરસપરસ) વિદ્વતાનો ઉપયોગ કરવો. શરમાવું નહિ.

પ્રપંચી માણસો સ્વાર્થને માટે સગા સ્નેહી થવા આવે, ને વખાણે તે વખતે ફુલાઇ જઇ ભરમાવું નહિ. ૯૩–૯૫.

એકજ વસ્તુ ઘણાં માણસો સાથેજ જુએ, પણ તે સર્વના મનમાં જુદો જુદો વિચાર ઉત્પન્ન થાયછે. ૪/૫૪–૫૫ વખતે જોયેલી બાબત ખોટી પણ પડે છે. ૬/૬૮.

ઈન્સાફ કરવામાં બંને પાસાં બરાબર તપાસવાં, ને પછી ઠરાવ મૂકવો ૬/૧૬૦, પણ પેલા વાંદરાની પેઠે લૂંટી ખાવું નહિ. ૪/૩૬ ચોથાનો પાઠ–૩૬ બે લડાઇમાં ત્રીજાનું કામ.

પહેલી વીશીમાં તન ને મન સાચવનાર માણસ બહુ મજબૂત બાંધાનો લાંબા આયુષ્યનો, નિરોગી, બુદ્ધિશાળી ને ભાગ્યશાળી બને છે.

પૈસાદારે મોટા થયે, પોતાનો ધર્મ બજાવવો. ૬/૫૬.

નાનું ઝાડ વાળ્યું વળે છે, તેમ નાનપણથીજ તમારા દોષ (વાંક) કાઢી પાંસરા બનો. ૬/૯૫.

લેખ વાંચી, સમજી, મનની ખાત્રી થયે તેમાં સહી કરવી. અડચણ પડે દાગીનો વેચવો સારો પણ અડાણે મૂકી વ્યાજ વધારવું નહિ. લાંબી મુદતે દાગીનો-ડૂબે છે.

સુખ સારૂં લાગે છે, ત્યારે દુઃખ પણ ખમવુંજ પડે. માટે તેવી વખતે ધૈર્ય ધરી, પોતાનો ધર્મ સાચવવો. ૬/૧૦૩–૦૪.

હમણા કરવાનું કામ, પછી ઉપર મૂલતવી રાખશો નહિ.

સ્વદેશાભિમાન જેનામાં નથી, તે માણસ પશુ સમાન છે. દેશાભિમાની માણસો તન, મન ને ધન પણ અર્પણ કરે છે. ૬/૯૮. *

દેશોન્નતિ માટે વિદ્યા હુન્નરને આશ્રય આપી, દેશ માંહેના ખેડૂત અને કારીગરોને સારૂં શિક્ષણ મળે તેમ કરવું.

કહેણી તેવી રહેણી રાખવી. "પોથીમાંનાં રીંગણાં"ની પેઠે કરવાથી ઇજ્જત ઘટે છે. "દૂધ પાઇને સાપ ઉછેરવો" એ-થી કોઇ દીન મોત થાય. માટે ડંખીલા માણસોથી દૂર રહેવું. ચોર હોય તે સારાં માણસોમાં (ચોરીમાં પાપી છે, એવી) સારી વાતો કરે, પણ એકાંત મળે, ત્યારે પેલા વાઘની પેઠે પોતાનો જાતિ સ્વભાવ ઉઘાડો કરે છે. માટે કપટ જાળમાં ફ-સાવું નહિ. ૬/૬૦.

હરીરસ સદા ગળ્યો હોય છે, પણ ચાવતાં ન આવડે તો ખારોએ લાગે, એમાં ભૂલ નથી.

સંપૂર્ણ.

---

* દી. બ. દાદાભાઈ નવરોજજીનો દાખલો આપવો.

રાગ બનઝારૂ.

હે જગદીશ્વરા જગ ત્રાતા, કૃપા થકી થઇ સુખ શાતા; (ટેક)
કૃપા સિંધુ કૃપા ઘણી કીધી, મેં શિક્ષા આથી ઘણી લીધીરે,
સહાયે રહી પળાવે સુખ દાતા, કૃપા થકી થઇ સુખ શાતા;
સગો સંબંધી તું છે રે સાચો, શાણા સુનીતિ ઉપર રાચોરે,
શુભ ટેક પળાવો હે ત્રાતા, કૃપા થકી થઇ સુખ શાતા. ૧
મોહ જાળની માયા છે મોટી, ભલા ભલા પડે છે લોટીરે,
તે સૌથી બચાવો માત તાતા, કૃપા થકી થઇ સુખ શાતા;
સુખ સંપ સુનીતિ–પ્રભુ દેજો, સ્હાયે મારા બંધુઓને રે'જોરે,
સુદૃષ્ટિથી થાય સુખ શાતા, કૃપા થકી થઇ સુખ શાતા. ૨
આપત્તિથી બચાવો હિંદ ભૂમિ, વિદ્યા કળા વધારો ખૂબીરે,
મોંજે ભજે તને મુજ ભ્રાતા, કૃપા થકી થઇ સુખ શાતા;
શાંતિ સૌ સ્થળે પ્રભુ સ્થાપો, છોરૂ તણાં સંકટ સૌ કાપોરે,
લીલા લહેર કરો હે ત્રાતા, કૃપા થકી થઇ સુખ શાતા. ૩

દોહરો.

પુસ્તક પૂર્ણુ પૂરૂં કર્યું, હૈયે વરસ્યો મેહ;
ઇશ્વર મુજ વ્હારે રહો, સુધરૂં નિઃસંદેહ.

PRINTING & BINDING

INDIA